


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 102
Dt.: 22-12-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in







### મનરેગાનું લેશે સ્થાન

# વિકસિત ભારત જી રામ જી બિલને રાષ્ટ્રપતિની મંજૂરી

## જી રામજી જી કાયદા મુજબ ગ્રામીણ પરિવારોને પ્રતિ વર્ષ ૧૨૫ દિવસની બંધારણીય રોજગારી હક્ક મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રવિવાર(૨૧ ડિસેમ્બર)ના રોજ વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ **(VB G RAM G)** બિલ પર મંજૂરીની મહોર મારી દીધી છે. રાષ્ટ્રપતિની સહી બાદ આ બિલ હવે કાયદો બની ગયો છે. મહત્વનું છે કે **VB G RAM G** બિલને પહેલા લોકસભા અને બાદમાં રાજ્યપાસમાં ચર્ચા અને ભારે વિરોધ બાદ પાસ કરવામાં આવ્યું હતું. હવે જી રામજી જી કાયદા મુજબ ગ્રામીણ પરિવારોને પ્રતિ વર્ષ ૧૨૫ દિવસની બંધારણીય રોજગારી હક્ક મળશે જે પહેલા મનરેગા મુજબ ૧૦૦ દિવસ હતો.

સરકાર આ બિલને આગામી નવા વર્ષની ૧ એપ્રિલ ૨૦૨૬થી લાગુ કરવાની તૈયારી કરી રહી છે. આ પ્રસ્તાવિત કાયદો ૨૦ વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા )ને બદલશે . આ બિલ મુજબ રોજગારની વૈધાનિક ગેરંટી હવે ૧૦૦ દિવસથી વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવી છે. નવા કાયદા મુજબ વેતનની ચુકવણી સાપ્તાહિક ધોરણે અથવા વધુમાં વધુ ૧૫ દિવસની અંદર ફરજિયાત છે. જો નિર્ધારિત સમયમર્યાદામાં ચુકવણી ન કરવામાં આવે તો વેતનની ચુકવણીમાં વિલંબ માટે વળતરની પણ જોગવાઈ છે.

**NDA**ના સભ્યો એવો આક્ષેપ કરી રહ્યા છે કે નવા બિલની તુલના યુપીએ સરકારની મનરેગા યોજના સાથે કરીને આ આખા વિષયને જાણીજોઈને રાજકીય રંગ આપવામાં આવી રહ્યો છે.

શાસક પક્ષનું માનવું છે કે કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષો માત્ર આ નવા કાયદાનો વિરોધ કરવાના ઈરાદે એકજૂથ થયા છે. આ નવો કાયદો હવે એ જૂની યોજનાની જગ્યા લેશે જે અગાઉ મહાત્મા ગાંધીના નામથી ઓળખાતી હતી, પરંતુ હવે નવી યોજનાના નામમાંથી ગાંધીજીનું નામ દૂર કરી દેવામાં આવ્યું છે.

સંસદની ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજની સ્થાયી સમિતિના અધ્યક્ષ અને કોંગ્રેસ સાંસદ સપ્તગિરી શંકર ઉલાકાએ ૨૯ ડિસેમ્બરના રોજ એક ખાસ બેઠકનું આયોજન કર્યું છે. આ મીટિંગનો મુખ્ય હેતુ નવા **VB-GRAM G** બિલની ઝીણવટભરી ચર્ચા કરવાનો અને તેની સરખામણી યુપીએ શાસનકાળની મનરેગા યોજના સાથે કરવાનો છે. આ નિર્ણયને કારણે સત્તાધારી એનડીએ ગઠબંધનના સભ્યોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આ મુદ્દો હવે મોટી રાજકીય લડાઈનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. નવો **VB-GRAM G** કાયદો મનરેગાની જેમ ગ્રામીણ રોજગારીની ખાતરી આપે છે, પરંતુ તેમાં કેટલાક પાયાના ફેરફારો છે. આ યોજના હેઠળ હવે ૧૦૦ને બદલે ૧૨૫ દિવસની રોજગારી મળશે, જેનો લાભ બિનકુશળ શારીરિક શ્રમ કરવા ઈચ્છતા પરિવારોને મળશે.

આ કાયદાનો મુખ્ય લક્ષ્ય રોજગારની સાથે ગ્રામીણ વિસ્તારોમાં ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનો છે. જોકે, આ બિલને લઈને સમિતિની બેઠકે સંસદમાં ફરી રાજકીય ઘર્ષણ વધારી દીધું છે.

# 'બાંગ્લાદેશી ઘૂસણખોરોને આસામમાં વસાવવા માગે છે કોંગ્રેસ : વડાપ્રધાન મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)દીસપુર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આસામના બે દિવસીય પ્રવાસ દરમિયાન નામરૂપ ખાતે આસામ વેલી ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ કંપની લિમિટેડના એમોનિયા-યુરિયા પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું હતું.



આ કાર્યક્રમ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુવાહાટી એરપોર્ટના નવા ટર્મિનલનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે નામરૂ ખાતે કહ્યું કે, 'આજનો દિવસ ઐતિહાસિક છે, જે સપનાની લાંબા સમયથી રાહ જોવાતી હતી તે હવે સાકાર થઈ રહ્યું છે.' વડાપ્રધાન મોદીએ જનમેદનીને સંબોધન કરીને કહ્યું કે, 'વિકસિત ભારતના નિર્માણમાં ખેડૂતોની ભૂમિકા સર્વોપરી છે. નામરૂપની આ નવી યુનિટ રોજગાર અને સ્વરોજગારની હજારો તકો ઉભી કરશે, જેનાથી સ્થાનિક યુવાનોને મોટો ફાયદો થશે. ભાજપની ડબલ એન્જિન સરકાર ઉદ્યોગ અને કનેક્ટિવિટીની જુગલબંધી દ્વારા આસામના સપના પૂરા કરી રહી છે.'

વડાપ્રધાને કોંગ્રેસ શાસન પર પ્રહાર કરતા કહ્યું કે, 'અગાઉ ખેડૂતોને યુરિયા માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડતું અને પોલીસના લાઠીચાર્જનો સામનો કરવો પડતો હતો. અમારી સરકારે આ પરિસ્થિતિ સુધારી છે અને હવે ખેડૂતોને બીજથી બજાર સુધી તમામ મદદ મળી રહી છે.

અત્યાર સુધીમાં **PM** કિસાન સન્માન નિધિ હેઠળ લગભગ ચાર લાખ કરોડ રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવ્યા છે.' વડાપ્રધાન મોદીએ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન **(SIR)** મુદ્દે કોંગ્રેસ પર આક્ષેપ કર્યો છે કે, 'કોંગ્રેસ હજુ પણ દેશવિરોધી વિચારધારાને પ્રોત્સાહન આપી રહી છે અને વોટબેંકના સ્વાર્થ માટે આસામની જમીન પર બાંગ્લાદેશી ઘૂસણખોરોને વસાવવા માંગે છે. કોંગ્રેસ જ ગેરકાયદે ઘૂસણખોરોને બચાવી રહી છે અને તેથી જ વોટર લિસ્ટના શુદ્ધિકરણનો વિરોધ કરી રહી છે.'

# સાઉદી અરેબિયામાં સ્નોફોલ! રણમાં છવાઈ બરફની ચાદર

(સંપૂર્ણ સમાચાર સેવા)રિયાદ

જે દેશની ઓળખ આકરા ઉનાળા અને સળગતા રણ તરીકે થાય છે, તે સાઉદી અરેબિયા અને કતારમાં હાલ એક અદભૂત નજારો જોવા મળી રહ્યો છે. સાઉદી અરેબિયાના ઉત્તરીય પર્વતીય વિસ્તારો અને કતારના કેટલાક ભાગોમાં બુધવાર અને ગુરુવારે અચાનક હિમવર્ષા થતા પ્રદેશની કાયાપલટ થઈ ગઈ છે. ખાસ કરીને તાબુક પ્રાંતના પર્વતો હવે હિમવર્ષાને કારણે 'સ્નો વર્લ્ડ' જેવા દેખાઈ રહ્યા છે. સાઉદી અરેબિયાના તાબુક પ્રાંતમાં આવેલા પ્રસિદ્ધ જબલ અલ-લોઝ (બદામનો પર્વત) પર ભારે હિમવર્ષા થઈ છે. દરિયાઈ સપાટીથી આશરે ૨,૬૦૦ મીટરની ઊંચાઈ પર આવેલા આ પહાડો પર બરફની ચાદર પથરાઈ ગઈ છે. આ દ્રશ્યો સોશિયલ મીડિયા પર એટલા વાઈરલ થયા છે કે ઘણાં લોકો તેને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ **(AI)** દ્વારા બનાવેલા ફોટો ગણાવી રહ્યા છે. જો કે, આ નજારો વાસ્તવિક છે અને તાપમાન શૂન્યથી પણ નીચે પહોંચી ગયું છે. સાઉદી અરેબિયાની સાથે પાડોશી દેશ કતારમાં પણ શિયાળાની મૌસમે આશ્ચર્ય સર્જ્યું છે. કતારના અનેક વિસ્તારોમાં પણ સ્નોફોલ અને હળવો વરસાદ નોંધાયો છે, જેનાથી સમગ્ર મધ્ય પૂર્વના હવામાનમાં મોટો પલટો જોવા મળ્યો છે. નેશનલ સેન્ટર ફોર મેટિઓરોલોજી **(NCM)** એ આગામી દિવસોમાં રિયાધના ઉત્તરીય ભાગો, અલ-મજમાહ અને અલ-ઘાટ ગવર્નરેટમાં વધુ હિમવર્ષાની આગાહી કરી છે. નિષ્ણાતોના મતે, સાઉદીના ઉત્તરીય ભાગોમાં શિયાળામાં હિમવર્ષા થવી તે અસામાન્ય નથી. જોકે તેની કોઈ ચોક્કસ ખગોળીય સાયકલ નથી, પરંતુ સમયાંતરે આવું જોવા મળે છે. આ નજારો જોવા માટે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો અને પ્રવાસીઓ અલ-મજમાહ અને પર્વતીય વિસ્તારોમાં ઉમટી પડ્યા છે.






# ગૃહ મંત્રાલયનો મોટો નિર્ણય: અગ્નિવીરો માટે BSFમાં કોન્સ્ટેબલ લેવલની ભરતીમાં ૫૦% અનામત

## અગ્નિવીરોને માત્ર અનામત જ નહીં પરંતુ શારીરિક કસોટી અને વય મર્યાદામાં પણ મોટી છૂટછાટ અપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે અગ્નિપથ યોજના હેઠળ સેવા આપી ચૂકેલા યુવાનોને કાયમી રોજગાર પૂરો પાડવા માટે **BSF** ના ભરતી નિયમોમાં મોટો સુધારો કર્યો છે. આ નવા નિયમો હેઠળ, અગ્નિવીરોને માત્ર અનામત જ નહીં પરંતુ શારીરિક કસોટી અને વય મર્યાદામાં પણ મોટી છૂટછાટ આપવામાં આવી છે.

અત્યાર સુધી **BSF** માં પૂર્વ અગ્નિવીરો માટે માત્ર ૧૦ ટકા અનામત રાખવાનો પ્રસ્તાવ હતો, પરંતુ હવે તેને વધારીને સીધો ૫૦ ટકા કરી દેવામાં આવ્યો છે. આનો અર્થ એ છે કે **BSF** માં કોન્સ્ટેબલ પદની દર બીજી બેઠક પૂર્વ અગ્નિવીર દ્વારા ભરવામાં આવશે.

આ સિવાય ૧૦% બેઠકો પૂર્વ સૈનિકો **(Ex-Servicemen)** માટે અને ૩% બેઠકો **BSF** ના ટ્રેડ્સમેન માટે અનામત રહેશે.

અગ્નિવીરો માટે સૌથી મોટી રાહતની વાત એ છે કે તેમને ફિઝિકલ સ્ટાન્ડર્ડ ટેસ્ટ **(PST)** અને ફિઝિકલ એફિશિયન્સી ટેસ્ટ **(PET)** માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. સરકારનું માનવું છે કે આ યુવાનો પહેલેથી જ સેનામાં કઠોર તાલીમમાંથી પસાર થઈ ચૂક્યા છે, તેથી તેમને ફરીથી શારીરિક પરીક્ષણ આપવાની જરૂર નથી. આનાથી ભરતી પ્રક્રિયા અગ્નિવીરો માટે અત્યંત સરળ બની જશે. સામાન્ય ઉમેદવારો માટે વય મર્યાદા ૧૮ થી ૨૩ વર્ષની હોય છે, પરંતુ પૂર્વ અગ્નિવીરોને તેમાં વિશેષ છૂટ મળશે:

પ્રથમ બેચના અગ્નિવીરો માટે: મહત્તમ ૫ વર્ષની છૂટ.

ત્યારબાદની બેચના અગ્નિવીરો માટે: મહત્તમ ૩ વર્ષની છૂટ. **BSF** કોન્સ્ટેબલ બનવા માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ૧૦મું પાસ રાખવામાં આવી છે. ભરતી પ્રક્રિયા બે તબક્કામાં થશે. પ્રથમ તબક્કામાં ૫૦% બેઠકો પર માત્ર પૂર્વ અગ્નિવીરોની ભરતી કરવામાં આવશે, જ્યારે બીજા તબક્કામાં બાકીની બેઠકો માટે સ્ટાફ સિલેક્શન કમિશન **(SSC)** દ્વારા ભરતી કરવામાં આવશે.

ગૃહ મંત્રાલયના આ પગલાથી અગ્નિપથ યોજનાને વધુ મજબૂતી મળશે અને યુવાનોમાં સેનામાં જોડાવા માટે ઉત્સાહ વધશે. આ નિર્ણયથી સુરક્ષા દળોને પહેલેથી જ તાલીમ પામેલા અને શિસ્તબદ્ધ જવાનો મળશે, જે દેશની સુરક્ષા માટે ફાયદાકારક સાબિત થશે.

## તંત્રી લેખ......

### પાકિસ્તાનની બધી શક્તિ ભારતીયો વિરુદ્ધ ઝેર ઓકવામાં ખર્ચાઈ રહી છે

પાકિસ્તાની આતંકવાદીઓએ પહેલગામમાં ૨૬ બિન-મુસ્લિમોની તેમના ધર્મ પર સવાલ ઉઠાવીને ક્રૂરતાથી હત્યા કરી હતી. આ ઘટનાથી આખો દેશ શોક અને આક્રોશમાં ડૂબી ગયો હતો, જ્યારે મોટાભાગના પાકિસ્તાનીઓ આ બર્બર કૃત્યની પ્રશંસા કરવામાં વ્યસ્ત હતા. વાસ્તવમાં, મોટાભાગના પાકિસ્તાનીઓ હિન્દુઓ પ્રત્યે હતાશા અને નફરતથી ભરેલા છે. તેમનું અસ્તિત્વ નફરત પર આધારિત હોવાથી, તેઓ આ લાગણીને દૂર કરી શકતા નથી. તેમની અભદ્ર ભાષા પણ તેમની નિરક્ષરતા અને હતાશાને પ્રતિબિંબિત કરે છે. શિક્ષિત ટેલિવિઝન એક્કર્સ, લશ્કરી સેનાપતિઓ અને ક્રિકેટરો પણ આ જ નફરતભરી આગનો ભોગ બની રહ્યા છે. આ બેશરમ વર્તનનું તાજું ઉદાહરણ તાજેતરમાં જોવા મળ્યું જ્યારે ભૂતપૂર્વ પાકિસ્તાની કેપ્ટન મોહમ્મદ યુસુફે એક ટીવી કાર્યક્રમમાં ભારતીય_૨૦ કેપ્ટન સૂર્ય કુમાર યાદવ સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો. એક્કર કે અન્ય સહભાગીઓને અટકાવવાને બદલે, તેઓ બેશરમીથી હસ્યા. આ પાકિસ્તાનના પાત્રને પ્રતિબિંબિત કરે છે: એક સંપૂર્ણપણે અમાનવીય દેશ, જેની ઉર્જા ફક્ત ભારતીયો સામે ઝેર ઓકવામાં જ ખર્ચાય છે. એશિયા કપમાં ભારત હાથે ત્રણ હારનો સામનો કરનાર પાકિસ્તાનનો ભૂતકાળ કલંકિત છે. સમાજનો આ વર્ગ ભારતના ભાગલા પછી પાકિસ્તાનની રચનાથી પણ સંતુષ્ટ ન હતો, જેના કારણે તેણે પોતાની અલગ ઓળખને મુદ્દો બનાવી દીધી. તેની સ્થાપનાથી જ, પાકિસ્તાન પોતાની પ્રગતિ કરતાં ભારતને નુકસાન પહોંચાડવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તે ભારત સામે બદલો લેવા માટે એટલો ગ્રસ્ત છે કે તે પોતાના લોકોને પણ ક્રૂરતાથી દબાવવામાં અચકાતો નથી. આનું ઉદાહરણ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં દેખાય છે, જ્યાં લોકો બળવો કરવાની આરે છે. ભારતે પાકિસ્તાનમાં બગડતી પરિસ્થિતિ પ્રત્યે સતર્ક રહેવું જોઈએ. પાકિસ્તાન ભારત સામે ગમે તેટલું ઝેર ઓકતું હોય, પણ ભારત સામે લડેલા તમામ યુદ્ધોમાં તેને શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. ૧૯૬૫નું યુદ્ધ હાર્યા પછી, તેણે હાજી પીર પાસ પરત કરવાની વિનંતી કરી. ત્યારબાદ, ૧૯૭૧માં, ૯૩,૦૦૦ પાકિસ્તાની સૈનિકોએ ઢાકામાં ભારતીય સેના સમક્ષ આત્મસમર્પણ કર્યું. બીજા વિશ્વયુદ્ધ પછી આ કોઈપણ સૈન્યનું સૌથી મોટું અને સૌથી અપમાનજનક શરણાગતિ હતું. શિમલામાં વાટાઘાટોના ટેબલ પર, ભુટ્ટોએ આ સૈનિકો અને કેટલાક અન્ય વિસ્તારોમાં પાછા ફરવાની વિનંતી કરી.૧૯૯૯ના કારગિલ સંઘર્ષ દરમિયાન ભારતીય સૈનિકોએ ઘૂસણખોરીની તેની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી. પાકિસ્તાનની અમાનવીયતાનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે તેણે તે સંઘર્ષમાં માર્યા ગયેલા તેના સૈનિકોના મૃતદેહ સ્વીકારવાનો પણ ઈનકાર કર્યો. ૨૦૨૫ની વાર્તા પણ અલગ નહોતી, જ્યારે પહેલગામ હુમલા પછી, પીએમ મોદીએ નક્કી કર્યું કે બહુ થયું અને પાકિસ્તાને તેના કાર્યોની કિંમત ચૂકવવી પડશે.ઓપરેશન સિંદૂર હેઠળ, ભારતે પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. ત્યારબાદ ભારતીય વાયુસેનાએ નૂરખાન વાયુસેના સહિત અનેક પાકિસ્તાની વાયુસેના અને હવાઈ પટ્ટીઓનો નાશ કર્યો. પાકિસ્તાનની સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે તેણે યુદ્ધવિરામની અપીલ કરી. એ વાત અલગ છે કે તેની ધમકીઓ અને દંભ આજે પણ ચાલુ છે.

## મોહન ભાગવતનું મોટું નિવેદન: ભારત હિન્દુ રાષ્ટ્ર જ છે, સંસદની મંજૂરીની જરૂર નથી

### TMC નેતાના બાબરી મસ્જિદના નિવેદન પર સંઘ પ્રમુખનો વળતો પ્રહાર, કહ્યું સરકારના પૈસે મંદિરો ન બનવા જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

કોલકાતામાં આયોજિત એક કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)** ના સરસંઘચાલક મોહન ભાગવતે 'હિન્દુ રાષ્ટ્ર' ની સંકલ્પના સ્પષ્ટ કરી છે. તેમણે કહ્યું કે જેમ સૂર્ય પૂર્વમાં ઉગે છે તે એક શાશ્વત સત્ય છે, તેમ ભારત હિન્દુ રાષ્ટ્ર છે તે પણ સત્ય છે. આ માટે સંસદ કે બંધારણના સિક્કાની રાહ જોવાની જરૂર નથી. આ ઉપરાંત, તેમણે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચાર અને પશ્ચિમ બંગાળની સુરક્ષા સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.



આરએસએસના વડા મોહન ભાગવતે ફરી એકવાર રાષ્ટ્રવાદ અને હિન્દુત્વની વ્યાખ્યા આપીને દેશભરમાં નવી ચર્ચા જગાવી છે. તેમણે કોલકાતામાં વિવિધ મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી, જેમાં હિન્દુ રાષ્ટ્ર, બાંગ્લાદેશ કટોકટી અને બાબરી મસ્જિદ વિવાદનો સમાવેશ થાય છે.

ભાગવતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "પૂર્વમાં સૂર્ય ઉગે છે, તે ક્યારથી થઈ રહ્યું છે તે આપણે જાણતા નથી, પણ તે કુદરતી સત્ય છે. તેવી જ રીતે ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે." તેમણે ઉમેર્યું કે જે કોઈ વ્યક્તિ આ ભૂમિને પોતાની માતૃભૂમિ માને છે અને ભારતીય પૂર્વજો તથા સંસ્કૃતિનું ગૌરવ કરે છે, તે હિન્દુ છે. ભલે સંસદ ક્યારેય બંધારણમાં સુધારો કરીને 'હિન્દુ રાષ્ટ્ર' શબ્દ ઉમેરે કે ન ઉમેરે, તેનાથી વાસ્તવિકતા બદલાતી નથી. અમે હિન્દુ છીએ અને અમારો દેશ હિન્દુ રાષ્ટ્ર છે – આ સત્ય સ્વીકારવું જ પડશે. તેમણે સ્પષ્ટ કર્યું કે જન્મ આધારિત જાતિ વ્યવસ્થા એ હિન્દુત્વની ઓળખ નથી.

પડોશી દેશમાં હિન્દુઓ પર વધી રહેલા અત્યાચારો અંગે ચિંતા વ્યક્ત કરતા સંઘ પ્રમુખે કહ્યું કે, ત્યાં લઘુમતીઓની હાલત કફોડી છે. વિષમ પરિસ્થિતિઓમાં ત્યાંના હિન્દુઓએ પોતાની સુરક્ષા માટે સંગઠિત રહેવું પડશે. તેમણે કહ્યું કે, "વિશ્વભરના હિન્દુઓએ બાંગ્લાદેશી હિન્દુઓની મદદે આવવું જોઈએ. ભારત જ હિન્દુઓ માટે એકમાત્ર આશ્રયસ્થાન છે, તેથી ભારત સરકારની જવાબદારી છે કે તેઓ આ દિશામાં નક્કર પગલાં લે." તેમણે સંકેત આપ્યો કે સરકાર કદાચ પડદા પાછળ કામ કરી રહી હશે, કારણ કે કૂટનીતિમાં દરેક બાબત જાહેર કરવામાં આવતી નથી.

બાંગ્લાદેશમાં વધતા ઈસ્લામિક કટ્ટરવાદની સીધી અસર પશ્ચિમ બંગાળ પર પડી રહી છે. ભાગવતે ચેતવણી આપી હતી કે આ સ્થિતિ રાજ્યમાં સાંપ્રદાયિક સૌહાર્દ જોખમાવી રહી છે. તેમણે કહ્યું કે જો હિન્દુ સમાજ એક થશે તો બંગાળમાં પરિસ્થિતિ બદલાતા વાર નહીં લાગે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી કે સંઘનું કામ સત્તા પરિવર્તનનું નહીં, પરંતુ સામાજિક પરિવર્તનનું છે.

ટીએમસીના સસ્પેન્ડેડ નેતા હુમાયુ કબીર દ્વારા બાબરી મસ્જિદના પુનર્નિર્માણની વાતને ભાગવતે 'વોટબેંકનું રાજકારણ' ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ જૂના સંઘર્ષને ફરી ભડકાવવાનું રાજકીય કાવતરું છે, જે ન તો હિન્દુઓ કે ન તો મુસ્લિમોના હિતમાં છે. મહત્વની વાત કરતા તેમણે કહ્યું કે, "સરકારે ટેક્સના પૈસાથી મંદિરો કે અન્ય ધર્મસ્થળો ન બનાવવા જોઈએ." તેમણે સોમનાથ મંદિર અને રામ મંદિરનું ઉદાહરણ આપતા કહ્યું કે આ બંને સ્થળો ટ્રસ્ટ દ્વારા અને લોકોના ફાળાથી બન્યા છે, સરકારી તિજોરીમાંથી નહીં.

પોતાના સંબોધનના અંતમાં તેમણે સંઘ મુસ્લિમ વિરોધી હોવાની ગેરસમજ દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો.

તેમણે કહ્યું કે આરએસએસ પારદર્શક છે અને કોઈ પણ આવીને અમારું કામ જોઈ શકે છે. અમે રાષ્ટ્રવાદી છીએ અને હિન્દુઓની સુરક્ષાની વાત કરીએ છીએ, તેનો અર્થ એ નથી કે અમે મુસ્લિમ વિરોધી છીએ. મુસ્લિમોએ સમજવું પડશે કે પૂજા પદ્ધતિ અલગ હોવા છતાં, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય દ્રષ્ટિએ આપણે એક જ છીએ.

#### પત્નીના અન્ડરગારમેન્ટ્સ વિશે કહી દીધી મોટી વાત

## વાતો-વાતોમાં મુદ્દા પરથી ભટક્યા ડોનાલ્ડ ટ્રમ્પ

### ટ્રમ્પે પોતાની પત્ની મેલાનિયાના અંડરગાર્મેન્ટ્સ વિશે વાત કરતા કહ્યું છે કે તે એવા લાગે છે જાણે તે તેમને સ્ટીમ કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના અતરંગી અંદાજ અને નિવેદનો માટે દુનિયાભરમાં જાણીતા છે. ટ્રમ્પ ક્યારે, કોને અને શું કહી દેશે તેનો કોઈ ભરોસો નથી હોતો. તાજેતરમાં જ તેમણે એક હોસ્ટની મજાક ઉડાવી હતી, અને હવે ઉત્તર કેરોલિનાની એક રેલીમાં તેમણે કંઈક એવું કહ્યું જેની ચર્ચા સોશિયલ મીડિયા પર જોરશોરથી થઈ રહી છે.

વર્ષ ૨૦૨૨માં તેમના માર-એ-લાગો રિસોર્ટ પર **FBI** દ્વારા પાડવામાં આવેલા દરોડા વિશે વાત કરતી વખતે ટ્રમ્પ અચાનક પોતાની પત્ની અને ફર્સ્ટ લેડી મેલાનિયાના અન્ડરગારમેન્ટ્સનો ઉલ્લેખ કરવા લાગ્યા હતા.

રેલી દરમિયાન વાતચીત કરતા ટ્રમ્પે જણાવ્યું કે, જ્યારે દરોડા પડ્યા ત્યારે તેઓ પત્નીના કબાટ (વોર્ડરોબ) સુધી પહોંચ્યા હતા. તેમણે કહ્યું, "મેં તેમના ડ્રોઅર જોયા, તેમના અન્ડરગારમેન્ટ્સ જોયા, જે એકદમ યોગ્ય રીતે ફોલ્ડ કરેલા અને રેપ કરેલા હતા. બધું જ એકદમ પરફેક્ટ હતું." ટ્રમ્પે મેલાનિયાની સ્વચ્છતા અને જાળવણીની આદતોની મજાક ઉડાવતા આગળ કહ્યું કે, "મને લાગે છે કે તે તેને (અન્ડરગારમેન્ટ્સને) સ્ટીમ પણ કરતી હશે."

ટ્રમ્પે ૨૦૨૨માં મારે-એ-લાગોમાં થયેલી **FBI**ની રેડ વિશે વાત કરતા કહ્યું કે, આ ઓપરેશન એક ગુનાહિત તપાસના ભાગરૂપે કરવામાં આવ્યું હતું. નેશનલ આર્કાઈવ્સ એન્ડ રેકોર્ડ્સ એડમિનિસ્ટ્રેશને અહેવાલ આપ્યો હતો કે ટ્રમ્પના પ્રથમ કાર્યકાળના અંતે પ્રોપર્ટીમાંથી રાષ્ટ્રપતિના દસ્તાવેજોના ૧૫ બોક્સ હટાવવામાં આવ્યા હતા. **FBI**નો હેતુ ન્યાયમાં અવરોધ, ક્લાસિફાઈડ રેકોર્ડ્સની ખોટી રીતે જાળવણી અને જાસૂસી એક્ટના સંભવિત ઉલ્લંઘન સંબંધિત પુરાવા શોધવાનો હતો. અહેવાલો અનુસાર, તે દરોડામાં ક્લાસિફાઈડ દસ્તાવેજોના ૧૧ સેટ મળી આવ્યા હતા, જેમાંથી કેટલાક પર ટોપ સિક્રેટ લખેલું હતું. આ દસ્તાવેજો માત્ર સુરક્ષિત સરકારી જગ્યાઓ માટે જ હોય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ટ્રમ્પ ઘણા કાયદાકીય દાવપેચમાં ફસાયા છે. ક્લાસિફાઈડ દસ્તાવેજોની ગેરરીતિના આરોપમાં ફેડરલ ગ્રાન્ડ જ્યુરીએ તેમના પર આરોપ મૂક્યા હતા (જોકે જુલાઈ ૨૦૨૪માં આ કેસ ફગાવી દેવામાં આવ્યો હતો). ૨૦૧૬ના અભિયાન દરમિયાન કથિત રીતે ચૂપ રહેવા માટે પૈસા આપવાના મામલે તપાસ. ૨૦૨૦ની ચૂંટણીના પરિણામો બદલવાના પ્રયાસો અને ૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કેપિટલ હિંસામાં તેમની ભૂમિકા અંગેની તપાસનો સમાવેશ થાય છે.

#### પેરાશૂટે વિવિધ પરિસ્થિતિઓમાં મજબૂતી સાબિત કરી

## ગગનયાનને સુરક્ષિત ધરતી પર લાવી શકે તેવા ડ્રોગ પેરાશૂટનું સફળ પરીક્ષણ

### આ પરીક્ષણ ચંડીગઢ સ્થિત ટર્મિનલ બેલિસ્ટિક્સ રિસર્ચ લેબોરેટરીની રેલ ટ્રેક રૉકેટ સ્લેડ સુવિધા પર કરવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

ઈસરો (Indian Space Research Organisation)એ ભારતના પહેલાં માનવ અંતરિક્ષ મિશન ગગનયાનની દિશામાં અન્ય એક મહત્ત્વનું પગલું લીધું છે. ઈસરોએ ગગનયાન ક્રૂ મૉડ્યુલની ગતિ ઓછી કરવાની પ્રણાલી (ડીસેલેરેશન સિસ્ટમ) માટે ડ્રોગ પેરાશૂટના ક્વૉલિફિકેશન પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ પરીક્ષણ ૧૮ અને ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના દિવસે ચંડીગઢ સ્થિત ટર્મિનલ બેલિસ્ટિક્સ રિસર્ચ લેબોરેટરી **(TBRL)**ની રેલ ટ્રેક રૉકેટ સ્લેડ **(RTRS)** સુવિધા પર કરવામાં આવ્યા.

ઈસરોના જણાવ્યાનુસાર, આ પરીક્ષણનો હેતુ કઠિન અને બદલાતી ઉડાન સ્થિતિમાં ડ્રોગ પેરાશૂટના પ્રદર્શન અને વિશ્વસનીયતાની તપાસ કરવાનો હતો. બંને પરીક્ષણોમાં તમામ લક્ષ્ય પ્રાપ્ત થઈ ગયા અને પેરાશૂટે વિવિધ પરિસ્થિતિઓમાં પણ પોતાની મજબૂતી સાબિત કરી.

ગગનયાન ક્રૂ મૉડ્યુલની ગતિ ઓછું કરવાની પ્રણાલીમાં કુલ ૧૦ પેરાશૂટ છે, જે ચાર અલગ-અલગ પ્રકારના છે. આ પેરાશૂટ અંતરિક્ષથી પરત ફરતા સમયે ક્રૂ મૉડ્યુલને સ્થિર રાખે છે. તેની ગતિને સુરક્ષિત સ્તર સુધી ઓછું કરે છે, જેથી સમુદ્રમાં સુરક્ષિત લેન્ડિંગ થઈ શકે.

પેરાશૂટ ખુલવાની ક્રમબદ્ધ પ્રક્રિયા

સૌથી પહેલાં બે એપેક્સ કવર સેપરેશન પેરાશૂટ ખુલે છે, જે પેરાશૂટ ડબ્બાના સુરક્ષાત્મક કવરને દૂર કરે છે.

ત્યારબાદ બે ડ્રોગ પેરાશૂટ તૈનાત થાય છે. આ ક્રૂ મૉડ્યુલને સ્થિર કરે છે. વાયુમંડળમાં પુનઃ પ્રવેશ દરમિયાન તેમની તેજ ગતિને સુરક્ષિત સ્તર સુધી ઓછું કરે છે. ડ્રોગ પેરાશૂટ છોડ્યા બાદ ત્રણ પાઈલેટ પેરાશૂટ ખુલે છે, જે ત્રણ મુખ્ય પેરાશૂટને બહાર કાઢે છે.

અંતે ત્રણ મુખ્ય પેરાશૂટ સુરક્ષિત ટચડાઉન સુનિશ્ચિત કરવા માટે ક્રૂ મૉડ્યુલની ગતિ વધુ ધીમી કરે છે.ડ્રોગ પેરાશૂટ આ આખી પ્રમાલીનો સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ છે. કારણ કે, આ સૌથી કપરી સ્થિતિ- જેમ કે, ઉચ્ચ ગતિ, વધુ ગરમી અને બદલાતી હવાની દિશામાં કામ કરે છે.

આ પરીક્ષણ ઈસરો અને DRDO (Defence Research and Development Organisation)ના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. જેમાં વિક્રમ સારાભાઈ અંતરિક્ષ કેન્દ્ર **(VSSC)**, એરિયલ ડિલિવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ **(ARDE)** અને ટીબીઆરએલની ટીમે સક્રિય ભૂમિકા ભજવી.

આરટીઆરએસ સુવિધા એક વિશેષ રેલ ટ્રેક છે, જ્યાં રૉકેટની મદદથી ઉચ્ચ ગતિ ટેસ્ટ કરવામાં આવે છે. આનાથી વાસ્તવિક અંતરિક્ષ વાપસી જેવી પરિસ્થિતિઓમાં પેરાશૂટનું પરીક્ષણ કરવાની મંજૂરી મળે છે.

ગગનયાન ભારતનું પહેલું માનવ અંતરિક્ષ મિશન છે. તેમાં ત્રણ ભારતીય અંતરિક્ષ યાત્રી પૃથ્વીની નીચલી કક્ષા (લગભગ ૪૦૦ કિ.મી ઊંચાઈ)માં ત્રણ દિવસ રહેશે અને સુરક્ષિત પરત ફરશે. મિશનની સફળતા માટે ક્રૂ મૉડ્યુલની સુરક્ષિત વાપસી સૌથી મોટો પડકાર છે. પેરાશૂટ પ્રણાલી તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આ સફળ પરીક્ષણથી ઈસરો માનવ અંતરિક્ષ ઉડાન માટે પેરાશૂટ પ્રણાલીને યોગ્ય બવનાવવાની દિશામાં એક મોટું પગલું છે. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે પણ આ ઉપલબ્ધિના વખાણ કર્યા અને કહ્યું કે, ભારત પોતાના પહેલાં માનવ અંતરિક્ષ મિશનની નજીક આવી ગયું છે.

ઈસરો હવે આગળનું પરીક્ષણ અને મિશનની તૈયારીમાં જોડાયું છે. આ સફળતા આખા દેશ માટે ગર્વની વાત છે અને ભારતીય અંતરિક્ષ કાર્યક્રમને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

#### એકતરફ કોમનવેલ્થના સપના

## સ્પોર્ટ્સ સંકુલમાં 'ધૂળ અને દારૂની બોટલો'નો અડ્ડો!

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદ શહેર અત્યારે એક તરફ કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવાની તૈયારીઓ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન **(AMC)** દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની હાલત અત્યંત દયનીય જોવા મળી રહી છે. શહેરના રિવરફ્રન્ટ પર આવેલી સ્કેટિંગ રિંગ આજે ખેલાડીઓને બદલે કબૂતરોનું રહેઠાણ બની ગઈ છે. સાફ-સફાઈના અભાવે આધુનિક સુવિધાઓ ધૂળ ખાઈ રહી છે, જે તંત્રની ઉદાસીનતા સ્પષ્ટ કરે છે.

પરિસ્થિતિ માત્ર રિવરફ્રન્ટ પૂરતી મર્યાદિત નથી, ચાંદખેડામાં લાખોના ખર્ચે બનેલા ટેનિસ કોર્ટમાં પણ ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા છે.

ચોંકાવનારી બાબત એ છે કે, આ ખેલ પરિસરમાં દારૂની બોટલો પણ મળી આવી છે. એકતરફ દેશનું નામ રોશન કરવાના સપના જોતા ખેલવીરો અહીં પ્રેક્ટિસ કરવા મજબૂર છે, તો બીજીતરફ સત્તાધીશો પુરતી સુવિધા હોવાના દાવા કરી રહ્યા છે. વિપક્ષે પણ આ મામલે મનપાને ઘેરતા સવાલો ઉઠાવ્યા છે કે જો જાળવણી જ નથી કરવી તો કરોડોના ખર્ચે આવા મેદાનો બનાવવાનો અર્થ શું?

#### ઉદ્ધવ-પવારના સૂપડાં સાફ

## મહારાષ્ટ્રમાં ભગવો લહેરાયો! મહાયુતિની પ્રચંડ જીત થઈ

### કુલ ૨૯૯ બેઠકોમાંથી મહાયુતિએ ૨૧૩ બેઠકો પર કબજો જમાવીને વિરોધ પક્ષોના ગઢમાં ગાબડાં પાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ભગવો લહેરાયો છે. રાજ્યમાં યોજાયેલી નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણીના પરિણામોમાં સત્તાધારી મહાયુતિ **(NDA)** ગઠબંધને એકતરફી વિજય મેળવ્યો છે. કુલ ૨૯૯ બેઠકોમાંથી મહાયુતિએ ૨૧૩ બેઠકો પર કબજો જમાવીને વિરોધ પક્ષોના ગઢમાં ગાબડાં પાડ્યા છે. આ પરિણામોમાં ભાજપ **(BJP)** સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે, જ્યારે ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર અને રાજ ઠાકરે માટે આ પરિણામો નિરાશાજનક રહ્યા છે.

મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન બાદ લોકોનો મૂડ શું છે, તે આ સ્થાનિક ચૂંટણીના પરિણામોએ સ્પષ્ટ કરી દીધું છે. મહાવિકાસ અઘાડી **(MVA)** ને આંચકો આપતા મતદારોએ એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં વિશ્વાસ મૂક્યો છે. ભાજપે વિદર્ભ અને મરાઠવાડા જેવા મહત્વના વિસ્તારોમાં ક્લીન સ્વીપ કરીને પોતાની તાકાત બતાવી દીધી છે.

નગર પરિષદ: ભાજપ સદીની નજીક, શિંદે જૂથનો દબદબો

રાજ્યની ૨૪૬ નગર પરિષદોના પરિણામોમાં ભાજપનું પ્રદર્શન ઐતિહાસિક રહ્યું છે.

ભાજપ: ૯૬ બેઠકો પર જીત અને લીડ સાથે ભાજપ સેન્ચુરીની નજીક પહોંચી ગયું છે.

શિંદે જૂથ: એકનાથ શિંદેની શિવસેનાએ ૪૪ બેઠકો જીતીને સાબિત કર્યું છે કે અસલી શિવસેના કોણ છે.

અજિત પવાર જૂથ: **NCP** (અજિત પવાર) ને ૩૪ બેઠકો મળી છે.

બીજી તરફ, વિપક્ષની હાલત કફોડી બની છે. કોંગ્રેસ ૨૭ બેઠકોમાં સમેટાઈ ગઈ છે, જ્યારે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની પાર્ટીને માત્ર ૮ ૮ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે.

નગર પંચાયત: અહીં પણ કમળ ખીલ્યું

નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારો ગણાતી ૪૨ નગર પંચાયતોમાં પણ મહાયુતિનો કરિશ્મા જોવા મળ્યો છે.

અહીં ભાજપે ૨૨ બેઠકો પર વિજય પતાકા લહેરાવી છે.

શિંદે સેનાને ૮ અને અજિત પવાર જૂથને ૩ બેઠકો મળી છે.

સૌથી મોટો ફટકો શરદ પવારની પાર્ટીને પડ્યો છે, જે અહીં ખાતું પણ ખોલાવી શકી નથી. વિપક્ષમાં શિવસેના **(UBT)** ને ૪ અને કોંગ્રેસને માત્ર ૩ બેઠકો મળી છે.

રાજ ઠાકરેનું પ્રદર્શન શૂન્ય

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના **(MNS)** ના વડા રાજ ઠાકરે માટે આ ચૂંટણી અસ્તિત્વનો પ્રશ્ન બની ગઈ છે.

#### અમેરિકામાં પગદંડો જમાવવા ચીનની ચાલ

## ડોલરિયા દેશમાં 'સરોગસી' દ્વારા બાળકોની ફોજ ઊભી કરાઈ રહી છે

### અમેરિકામાં છેલ્લા થોડા વર્ષોમાં ચીને શરૂ કરેલી એક વિવાદાસ્પદ પ્રવૃત્તિની ગંભીરતાથી નોંધ લેવાઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

અમેરિકામાં છેલ્લા થોડા વર્ષોમાં ચીને શરૂ કરેલી એક વિવાદાસ્પદ પ્રવૃત્તિની ગંભીરતાથી નોંધ લેવાઈ રહી છે. ચીનનો અતિ ધનિક વર્ગ અમેરિકામાં સરોગસી દ્વારા સેંકડો બાળકોને જન્મ આપી રહ્યો છે. આ પ્રવૃત્તિને 'રાજવંશ નિર્માણ'ની ચીનની ચાલ તરીકે જોવાઈ રહી છે કારણ કે, ચીનમાં જન્મદર ઘટી રહ્યો છે અને વૃદ્ધોની વસ્તી વધી રહી છે. અમેરિકાના સરોગસી સંબંધિત કાયદાનો લાભ લઈને ચીનનો એક-એક શ્રીમંત ૧૦૦થી વધુ બાળકોનો જૈવિક પિતા બની રહ્યો છે, જેના કારણે સામાજિક, નૈતિક અને રાજકીય પ્રશ્નો ઊભા થયા છે.

સૌથી પહેલા સરોગસી વિશે જાણીએ

સરોગસી એક પ્રકારની બાળકને જન્મ આપવાની એક મેડિકલ પ્રોસેસ કે ટેક્નોલોજી છે. તે અંતર્ગત એક સ્ત્રી (સરોગેટ માતા) બીજી વ્યક્તિ કે યુગલના ભ્રૂણને પોતાના ગર્ભાશયમાં ધારણ કરીને બાળકને જન્મ આપે છે. સાદી ભાષામાં કહીએ તો સરોગસી એટલે નાણાં લઈને ગર્ભાશય ભાડે આપવું. સરોગસીના બે મુખ્ય પ્રકાર છે.

૧) પરંપરાગત સરોગસી: આમાં સંતાન ઈચ્છતા પુરુષના શુક્રકોષ સરોગેટ સ્ત્રીના ગર્ભાશયમાં દાખલ કરીને સ્ત્રીના અંડકોષનું ફલન કરાય છે, જેને લીધે સરોગેટ સ્ત્રી જન્મ લેનારા બાળકની બાયોલોજિકલ મધર (જૈવિક માતા) ગણાય છે.

૨) ગેસ્ટેશનલ સરોગસી: આમાં સંતાન ઈચ્છુક સ્ત્રી-પુરુષના અંડકોષ અને શુક્રકોષ લઈને લેબોરેટરીમાં ફલ્ન પદ્ધતિ દ્વારા ભ્રૂણ વિકસાવાય છે. ત્યાર પછી એ ભ્રૂણ સરોગેટ સ્ત્રીના ગર્ભમાં રોપાય છે, જેને લીધે સરોગેટ સ્ત્રી જન્મ લેનારા બાળકની બાયોલોજિકલ મધર (જૈવિક માતા) ગણાતી નથી.

ચીને વસ્તી વધારો અટકાવવા ૧૯૭૯માં 'વન-ચાઈલ્ડ પોલિસી' લાગુ કરી હતી, જેને લીધે વસ્તી વૃદ્ધિ પર અંકુશ તો આવ્યો, પણ સમય જતાં એના માઠા પરિણામો પણ ભોગવવા પડ્યાં. ફક્ત એક જ સંતાન પેદા કરવાની છૂટ હોવાથી ચીની દંપતી દીકરી હોય તો ગર્ભપાત કરાવી નાંખતાં. સૌને દીકરો જ જોઈતો હતો. આ કારણસર ત્યાં છોકરાઓની તુલનામાં છોકરીઓની સંખ્યા ખૂબ ઘટી ગઈ. વૃદ્ધોની વસ્તી સતત વધતી ગઈ. 'એક જ બાળ' નીતિને લીધે કામ કરી શકે એવા યુવાનોની સંખ્યામાં દેશવ્યાપી ઘટાડો જણાયો.

આ સમસ્યાથી છુટકારો મેળવવા સરકારે ૨૦૧૬માં 'ટુ-ચાઈલ્ડ પોલિસી' લાગુ કરી, પરંતુ ઝાઝો ફાયદો ન થયો. એટલે ૨૦૨૧માં 'થ્રી-ચાઈલ્ડ પોલિસી' લાદીને ત્રણ બાળકો પેદા કરવાની છૂટ અપાઈ, પરંતુ ત્યારે જમાનો બદલાઈ ગયો હતો. યુવા વર્ગ ૩ બાળકોનો ખર્ચ કે જવાબદારી લેવા તૈયાર ન હતો. કારકિર્દીનું દબાણ પણ રહેતું અને જીવનશૈલી પણ બદલાઈ હતી. પરિણામે યુવા દંપતીઓને વધુ બાળકો જ નહોતા જોઈતા. ૩૫ વર્ષ સુધી લાગુ કરાયેલી 'વન-ચાઈલ્ડ પોલિસી'ને લીધે છોકરીઓની વસતી ઘટતા છોકરાઓને લગ્ન કરવા પણ છોકરી નહોતી મળતી. આ તમામ કારણોસર ચીનમાં વસ્તી ઘટાડાની સમસ્યા સર્જાઈ.

ચીનમાં ૨૦૦૧થી સરોગસી પર સંપૂર્ણ પ્રતિબંધ છે. સરકારનું માનવું છે કે, સરોગસીમાં ગરીબ સ્ત્રીઓનું શોષણ થાય છે, નૈતિક સંકટ હોય છે અને પારિવારિક મૂલ્યોને ધક્કો પહોંચે છે. ચીનમાં આ પ્રથા પ્રતિબંધિત છે, પણ અમેરિકાના કેલિફોર્નિયા જેવા કેટલાક રાજ્યોમાં તે કાયદેસર છે. કાયદેસર તો ઠીક, એક સ્થાપિત ઉદ્યોગ છે.

અમેરિકામાં નક્કી કરેલા નાણાં લઈને બાળકો પેદા કરી આપતી સરોગસી એજન્સીઓ, અંડકોષ આપનારી મહિલાઓ અને **IVF** ક્લિનિકોની સુવિધા ઉપલબ્ધ છે, જેનો લાભ ચીની ધનિકો ઉઠાવી રહ્યા છે. એક બાળક માટેનો ખર્ચ ભારતીય રૂપિયામાં ૧ કરોડથી વધુ પહોંચી શકે છે.

અમેરિકામાં 'બર્થરાઈટ સિટિઝનશિપ' (જન્મસિદ્ધ નાગરિકતા)નો કાયદો છે, જે મુજબ અમેરિકન ભૂમિ પર જન્મેલું બાળક આપમેળે અમેરિકન નાગરિક બની જાય છે.

આવા બાળકના વિદેશમાં રહેતાં માતા-પિતા પણ ભવિષ્યમાં ગ્રીન કાર્ડ અને અમેરિકન નાગરિકતા મેળવવા-પાત્ર બની શકે છે. આ કાયદાકીય લાભ ચીનના ધનિકો માટે મોટું આકર્ષણ છે, જેથી ચીની નાગરિકો અમેરિકાની સરોગસી સેવાઓનો ઉપયોગ કરીને તેમના બાળકો અમેરિકામાં પેદા કરી રહ્યા છે.

આ સંજોગોમાં સર્જાયો છે, નાણાંનો ખેલ. ચીનના ધનિકો અમેરિકાની સરોગસી એજન્સીઓનો સંપર્ક કરીને બાળકનો 'ઓર્ડર' આપે છે. સરોગસીની બે પૈકી કોઈ એક પદ્ધતિથી ચીની દંપતી માટે અમેરિકાની ધરતી પર બાળક પેદા કરાય છે. ચીની માતાપિતા મબલક નાણાં ખર્ચીને તેમના અમેરિકન બાળકના ઉછેરની વ્યવસ્થા કરી દે છે અને ઈચ્છા થાય ત્યારે ટુરિસ્ટ વિઝા પર એને મળવા જાય છે.

લાંબે ગાળે તેઓ અમેરિકાનું નાગરિકત્વ મેળવવા માટે અરજી કરે છે અને વખત જતાં અમેરિકાના નાગરિક બની પણ જાય છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વિશ્વ ધ્યાન દિવસના પ્રસંગે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર સામૂહિક ધ્યાન સત્રનું આયોજન

વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ આર્ટ ઓફ લિવિંગના અનુભવી પ્રશિક્ષકોના સહયોગથી વિવિધ સ્થળોએ સામૂહિક ધ્યાન સત્રનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રેલ કર્મચારીઓ અને સામાન્ય નાગરિકોને માનસિક શાંતિ, સકારાત્મક વિચારસરણી તથા આત્મિક સંતુલન તરફ પ્રેરિત કરવાનો હતો, જેથી તેઓ દૈનિક જીવનના તણાવ અને પડકારોનો સામનો વધુ સહજતા અને આત્મવિશ્વાસ સાથે કરી શકે. વર્તમાન સમયમાં વધતા વૈશ્વિક તણાવ, કાર્યસ્થળના દબાણ તથા માનસિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી સમસ્યાઓને જોતાં વિશ્વ ધ્યાન દિવસનું મહત્વ વધી જાય છે. આ દિવસ માનવતાને એક ક્ષણ ઊભા રહીને પોતાની સાથે જોડાવાનો, આંતરિક શાંતિ પ્રાપ્ત કરવાનો તથા સકારાત્મક ઊર્જા અપનાવવાનો સંદેશ આપે છે. ધ્યાન સત્ર દરમિયાન સહભાગીઓને ધ્યાનના વૈજ્ઞાનિક અને વ્યવહારિક મહત્વ વિશે માહિતી આપવામાં આવી. નિયમિત ધ્યાનથી વ્યક્તિમાં ભાવનાત્મક સ્થિરતા આવે છે, આધ્યાત્મિક વિકાસને બળ મળે છે, તણાવમાં ઘટાડો થાય છે તથા સમાજમાં સામુદાયિક જોડાણ અને પરસ્પર સૌહાર્દ વધે છે. હાજર સહભાગીઓએ અનુભવ કર્યો કે ધ્યાન દ્વારા મનને એકાગ્ર કરી નકારાત્મક વિચારોથી ઉપર ઊઠીને સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવી શકાય છે. આ સામૂહિક ધ્યાન સત્ર અમદાવાદ મંડળના સાબરમતી કોમ્યુનિટી સેન્ટર, વિરમગામ કોમ્યુનિટી સેન્ટર, કાંકરિયા કોમ્યુનિટી સેન્ટર તથા ગાંધીધામ કોમ્યુનિટી સેન્ટરમાં આયોજિત કરવામાં આવ્યું હતું, જ્યાં મોટી સંખ્યામાં રેલ અધિકારીઓ અને રેલ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પ્રશિક્ષકોના માર્ગદર્શન હેઠળ તમામ સહભાગીઓએ શાંત વાતાવરણમાં ધ્યાનનો અભ્યાસ કર્યો અને માનસિક સુકૂનનો અનુભવ કર્યો. આ અવસરે આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરના પ્રેરણાદાયી વિચારોને પણ શેર કરવામાં આવ્યા કે "ધ્યાન એ જ માધ્યમ છે જેનાથી નકારાત્મક વિચારોથી ઉપર ઊઠીને સકારાત્મકતા સ્વયં અને સ્વાભાવિક રીતે આવે છે."




પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ તમામ રેલ કર્મચારીઓને અપીલ કરે છે કે તેઓ પોતાના દૈનિક જીવનમાં ધ્યાનને અપનાવે તથા આવા સામૂહિક કાર્યક્રમોમાં સક્રિય સહભાગિતા કરે, જેથી વ્યક્તિગત સ્વાસ્થ્ય સાથે-સાથે કાર્યક્ષમતા, પરસ્પર સમન્વય અને સામાજિક સદ્ભાવને પણ મજબૂતી મળી શકે.

### ચઢાણ પર ચીસાચીસ મચી

# માઉન્ટ આબુમાં અમદાવાદ આવતી બસ પલટી, ૨૪થી વધુ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)માઉન્ટ આબુ

રાજસ્થાનના માઉન્ટ આબુથી અમદાવાદ પરત ફરી રહેલા પ્રવાસીઓ અકસ્માત નડ્યો હતો. રવિવારે (૨૧મી ડિસેમ્બર) સવારે માઉન્ટ આબુના જોખમી વળાંકો ઉતરી રહેલી એક ખાનગી લક્ઝરી બસ પલટી ખાઈ જતાં મોટી દુર્ઘટના સર્જાઈ છે.

આ અકસ્માતમાં ૨૪થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે, જે પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. અહેવાલો અનુસાર, બસ જ્યારે પહાડી રસ્તા પરથી નીચે ઉતરી રહી હતી ત્યારે અચાનક બસચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, સંભવિત રીતે બસની બ્રેક ફેઈલ થઈ જવાને કારણે ચાલક બસને નિયંત્રિત કરી શક્યો નહોતો અને બસ માર્ગ પર જ પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત થતાની સાથે જ બસમાં સવાર મુસાફરોની ચીસાચીસથી પહાડીઓ ગુંજી ઉઠી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી.

તમામ ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક માઉન્ટ આબુ અને આબુ રોડની નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. અહેવાલો મુજબ, કેટલાક મુસાફરોને માથા અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમને આઈસીયુમાં સારવાર આપવામાં આવી રહી છે.

બસમાં સવાર મોટાભાગના મુસાફરો અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારના હોવાનું સામે આવ્યું છે. અકસ્માતના સમાચાર મળતા જ અમદાવાદમાં રહેતા તેમના પરિવારજનોમાં ભારે ચિંતા અને ફફડાટ વ્યાપી ગયો છે. અનેક પરિવારો પોતાના સ્વજનોની સ્થિતિ જાણવા આબુ તરફ રવાના થયા છે. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બસમાં ટેકનિકલ ખામી હતી કે ડ્રાઈવરની બેદરકારી, તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# અમદાવાદ મંડળના આમ્બલી રોડ સ્ટેશન પર "રેલ કોચ રેસ્ટોરન્ટ" બનાવવામાં આવી રહી છે

### જ્યાં નાગરિકોને મળશે મુસાફરી જેવો અનુભવ, સ્વાદિષ્ટ ભોજન અને વિવિધ સુવિધાઓ

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના આંબલી રોડ રેલવે સ્ટેશન પર આધુનિક 'રેલ કોચ રેસ્ટોરન્ટ'નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ અનોખી પહેલ હેઠળ પરિવર્તિત રેલ કોચમાં રેસ્ટોરન્ટ વિકસાવવામાં આવી રહી છે, જ્યાં બેસીને લોકો મુસાફરી કર્યા વિના જ ચાલતી ટ્રેનમાં હોવાનો અનુભવ મેળવી શકશે અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી શકશે. આંબલી રોડ સ્ટેશન પરનો રેલ કોચ રેસ્ટોરન્ટ અમદાવાદ વિસ્તાર ની પ્રથમ રેસ્ટોરન્ટ હશે.પશ્ચિમ રેલવેમાં બાંદ્રા ટર્મિનસ, અંધેરી, બોરીવલી, રતલામ અને રાજકોટમાં રેલ કોચ રેસ્ટોરન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ રેલ કોચ રેસ્ટોરન્ટમાં ૨૪ કલાક સેવા ઉપલબ્ધ રહેશે, જેથી મુસાફરો ની સાથે-સાથે સ્થાનિક નાગરિકોને પણ દિવસ-રાત ભોજનની સુવિધા મળશે. અમદાવાદની જનતા અહીં પરિવાર અને મિત્રો સાથે બેસીને વિવિધ વાનગીઓનો સ્વાદ માણી શકશે અને આકર્ષક રેલ-થીમ વાતાવરણમાં સેલ્ફી અને યાદગાર પળોનો આનંદ લઈ શકશે. આ રેસ્ટોરન્ટમાં ઇનડોર અને આઉટડોર ડાઈનિંગ બંને વિકલ્પો હશે. આ સાથે પૂરતી પાર્કિંગ, પાર્સલ/ટેક-અવે સુવિધા અને બાળકો માટે રમવાની વ્યવસ્થા (ફન ઝોન) પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી આ સ્થળ પરિવાર-અનુકૂળ બની શકે.

આ રેસ્ટોરન્ટ હરિયાળીથી યુક્ત આનંદદાયક વાતાવરણ પૂરું પાડશે અને તમામ સુરક્ષા માનકોનું ધ્યાન રાખીને બનાવવામાં આવી રહી છે. આંબલી રોડ ઉપરાંત, મહેસાણા, સાબરમતી, ભુજ અને ગાંધીધામ રેલવે સ્ટેશનોના સર્ક્યુલેટિંગ એરિયામાં પણ 'રેલ કોચ રેસ્ટોરન્ટ' વિકસાવવાની યોજના છે. ભારતીય રેલવેના અભિનવ દૃષ્ટિકોણ હેઠળ આ સુધારેલા કોચમાં આધુનિક ડિઝાઈન, સંલગ્ન રસોડાં (Attached Kitchens) અને મલ્ટી-ક્યુઝિન



મેનૂની સુવિધા હશે, જેથી વિવિધ સ્વાદની પસંદગીઓને પૂર્ણ કરી શકાય. સાથે સમગ્ર અનુભવને વધુ સારો બનાવવા માટે પર્યાવરણ-અનુકૂળ અને આકર્ષક વાતાવરણની ખાતરી આપવામાં આવશે.

# ભાવનગર મંડળના લોકો પાયલટોની સતર્કતાથી ૦૬ સિંહોને ટ્રેનની ચપેટમાં આવતાં બચાવાયા

ભાવનગર રેલવે મંડળ દ્વારા સિંહો/વન્યજીવોની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંડળના નિર્દેશ મુજબ ટ્રેનોનું સંચાલન કરનાર લોકો પાયલટો નિર્ધારિત ગતિનું પાલન કરતાં વિશેષ સતર્કતા સાથે પોતાની ફરજ નિભાવી રહ્યા છે. ભાવનગર મંડળના લોકો પાયલટોની સતર્કતા અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરોના સંકલનથી ગયા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૫૯ સિંહોની જાન બચાવી લેવામાં આવી છે. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અત્યાર સુધી ૮૧ સિંહોને સુરક્ષિત રીતે બચાવવામાં આવ્યા છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે તારીખ ૨૧.૧૨.૨૦૨૫ (રવિવાર)ના રોજ લોકો પાયલટ શ્રી અનીશ શેખ અને સહાયક લોકો પાયલટ શ્રી ફરમાન હુસૈને સાસણગીર–કાંસિયાનેશ સેક્શન પર કિમી નં. ૧૧૨/૭–૧૧૨/૬ વચ્ચે રેલવે ટ્રેક પર ૦૬



સિંહોને જોયા. ત્યારબાદ તેમણે ટ્રેન નં. ૫૨૯૫૫ વેરાવળ–જૂનાગઢ પેસેન્જર ગાડીને તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી સુરક્ષિત રીતે રોકી દીધી.

લોકો પાયલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) શ્રી વિદ્યાનંદ કુમારને તાત્કાલિક જાણ કરવામાં આવી. વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર શ્રી રાણાભાઈ દ્વારા તમામ સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી હટાવવામાં આવ્યા. સ્થિતિ સામાન્ય જણાતા લોકો પાયલટને ટ્રેન આગળ ચલાવવાની પરવાનગી આપવામાં આવી, ત્યારબાદ ટ્રેનને સાવધાનીપૂર્વક ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

આ ઘટનાની જાણ થતા લોકો પાયલટો દ્વારા કરવામાં આવેલા આ પ્રશંસનીય અને સંવેદનશીલ કાર્ય બદલ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાંશુ શર્મા તથા અન્ય અધિકારીઓ દ્વારા પ્રશંસા વ્યક્ત કરવામાં આવી.

### તેમણે ઈશાન કિશનના લગ્નની પણ વાત કરી

# ઈશાન કિશનની ટીમ ઈન્ડિયામાં વાપસીથી તેના પિતા ખૂબ ખુશ

### અત્યારે આ તેની કુશળતાને નિખારવાનો સમય છે : તેને લગ્નમાં બાંધીને તેના પર દબાણ લાવવા માંગતા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

**T20** વર્લ્ડ કપ ૨૦૨૬ માટેની ભારતીય ટીમમાં સ્ટાર બેટ્સમેન ઈશાન કિશનની વાપસી થઈ છે, જે બાદ તેના પિતાએ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે ઈશાન કિશનના લગ્ન વિશે પણ વાત કરી છે. ઈશાન કિશનના પિતા પ્રણવ પાંડેએ જણાવ્યું કે, જ્યારે ઈશાન ટીમ ઈન્ડિયાથી દૂર હતો, ત્યારે તેણે તેની રમત અને ફિટનેસ પર સખત મહેનત કરી હતી. તેમણે પોતાના પુત્રના લગ્ન અંગે પણ નિવેદન આપ્યું હતું. પ્રણવ પાંડેએ કહ્યું, "આ ઝારખંડ અને બિહારના લોકો માટે ગર્વની ક્ષણ છે. જ્યારે ઈશાન ટીમમાં નહોતો, ત્યારે લોકોએ તેને અપાર સમર્થન અને પ્રેમ બતાવ્યો. આ માટે અમે તેના ચાહકોના આભારી છીએ. લોકોને તેના પર ઘણો વિશ્વાસ હતો. **T20** વર્લ્ડ કપ ટીમમાં તેની પસંદગી થયા પછી, અમને મિત્રો અને સંબંધીઓ તરફથી અભિનંદન મળ્યા છે. ક્રિકેટની આગાહી કરી શકાતી નથી, પરંતુ અમને આશા છે કે તે વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરશે. ભારત ટાઈટલ જીતશે." ઈશાન કિશનને નવેમ્બર ૨૦૨૩થી આંતરરાષ્ટ્રીય સ્તરે રમવાની તક મળી નથી. ઈશાન ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમનો ભાગ હતો, પરંતુ અશિસ્તને કારણે તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. આ પછી તેણે ઘરેલુ ક્રિકેટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને ત્રણેય ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કર્યું. તાજેતરમાં તેણે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ઝારખંડને વિજય અપાવ્યો. આ **T20** ફોર્મેટ ટુર્નામેન્ટના ટાઈટલ મેચમાં વિજયનો હીરો રહેલા ઈશાન કિશનએ ૪૯ બોલમાં ૧૦ છગ્ગા અને ૬ ચોગ્ગાની મદદથી ૧૦૧ રનની ઈનિંગ રમી.

તેમણે વધુમાં કહ્યું, "મારા દીકરાએ પોતાના પર ખૂબ મહેનત કરી છે. તેણે પોતાની ફિટનેસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને પોતાની રમત પર સખત મહેનત કરી છે.



અમને વિશ્વાસ હતો કે જો ઈશાન સારું પ્રદર્શન કરતો રહેશે, તો તેને ચોક્કસપણે ટીમમાં તક મળશે. તે હજુ નાનો છે અને તે યોગ્ય સમયે લગ્ન કરશે. અત્યારે આ તેની કુશળતાને નિખારવાનો સમય છે. અમે તેને લગ્નમાં બાંધીને તેના પર વધારાનું દબાણ લાવવા માંગતા નથી."

### ગુજરાતના બહુચર્ચિત જયંતી ભાનુશાળી હત્યા કેસ

# જયંતી ભાનુશાળી હત્યા કેસમાં શાર્પ શૂટરની પૂણેની જેલમાં હત્યા

### વિશાલ કાંબલે ઉપર યરવડા જેલમાં બે કેદીએ હુમલો કર્યો, જેમાં વિશાલ કાંબલેનું સારવાર દરમિયાન મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છ અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં મોટો વળાંક આવ્યો છે. જયંતી ભાનુશાળીના હત્યાનો આરોપી શાર્પ શૂટરની પૂણેની જેલમાં હત્યા કરવામાં આવી છે. ટ્રેનમાં ફાયરિંગ કરનારા ત્રણ પૈકીના એક વિશાલ કાંબલે ઉપર યરવડા જેલમાં બે કેદીએ હુમલો કર્યો હતો. જેમાં વિશાલ કાંબલેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જેલમાં સૂતેલા વિશાલ ઉપર બે કેદીઓએ ટાઈલ્સથી હુમલો કર્યો હતો.

ભાજપના નેતા જયંતી ભાનુશાળી હત્યા કેસમાં શાર્પ શૂટરોની પૂછપરછમાં પુનાના વિશાલ કાંબલેનું નામ બહાર આવ્યું હતું. જો કે વિશાલ કાંબલે પૂનામાં ફાયરિંગ અને હત્યા કેસમાં યેરવડા જેલમાં કેદ હતો. તેથી તેની ટ્રાન્સફર વોરંટ આધારે ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેલમાં બંધ વિશાલ કાંબલેની હત્યામાં મોટું કાવતરું હોવાની ગંધ આવી રહી છે. કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવનારા જયંતી ભાનુશાલી હત્યા કેસમાં મૃતક વિશાલ કાંબલે ટ્રેનમાં હત્યા નીપજાવનારા ત્રણ પૈકી એક હતો. આ કેસમાં પણ વિશાલની ધરપકડ થયા બાદ તેને જામીન મળી ગયા હતા અને પૂણેની યરવડા જેલમાં અન્ય કોઈ ગુનામાં કેદ હતો, જ્યાં તેની હત્યા કરવામાં આવી છે. ૧૫ ડિસેમ્બરના રોજ યરવડા જેલની બેરેકમાં વિશાલ કાંબલે અને અન્ય બે કેદીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. સવારે ૭.૪૫ વાગ્યાના અરસામાં આકાશ સતીશ ચંદાલિયા અને દીપક સંજય રેડ્ડી નામના બે કેદીએ બેરેકમાં જમીન પર સૂતેલા વિશાલ પર ટાઈલ્સના ટુકડાથી હુમલો કરી તેને લોહીલુહાણ કર્યો હતો. બે દિવસની સારવાર બાદ વિશાલ કાંબલેનું મોત નિપજ્યું છે, આમ, કચ્છના ભાજપના દિગ્ગજ નેતા જયંતી ભાનુશાળીની હત્યાના શાર્પ શૂટરની હત્યા બાદ હવે નવો વળાંક આવી શકે છે.

### અંજલી ચાર રસ્તા પાસે એક મહિલાને કોન્સ્ટેબલે લાફો માર્યો હતો જેના દ્રશ્યો પહેલા સામે આવ્યા હતા

# અમદાવાદ લાફાકાંડમાં વળાંક: પોલીસને ગાળો આપનારી મહિલા સામે બીજી FIR

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા અંજલિ ચાર રસ્તા પાસે બે દિવસ અગાઉ પોલીસકર્મી અને એક યુવતી વચ્ચે થયેલી ઝપાઝપીનો મામલો હવે નવો વળાંક લઈ રહ્યો છે. અત્યાર સુધી સોશિયલ મીડિયા પર માત્ર લાફો મારવાનો વીડિયો વાઈરલ થતા પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા. પોલીસના બોડી ઓન કેમેરાના ફૂટેજ સામે આવતા સમગ્ર ઘટનામાં યુ-ટર્ન આવ્યો હતો.

ગઈકાલે ૨૦ ડિસેમ્બરના રોજ પોલીસ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી. જેમાં આ જ યુવતીએ ૧૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ શ્યામલ ચાર રસ્તા નજીક મહિલા પોલીસ કોન્સ્ટેબલ સાથે અભદ્ર વ્યવહાર કર્યો હતો. જેના વીડિયો પુરાવા પણ રજૂ કરવામાં આવ્યા હતા. જે ગુનામાં મહિલા પોલીસ કોન્સ્ટેબલે ફરિયાદ નોંધાવતા દાદાગીરી કરનાર યુવતી સામે અલગ અલગ ૪ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. સામાન્ય રીતે આ કલમોનો સમૂહ ત્યારે જોવા મળે છે જ્યારે, રસ્તા પર કોઈ ઝઘડો થયો હોય. કોઈએ ટ્રાફિક નિયમ તોડ્યો હોય (હેલ્મેટ વગર). પોલીસ કે અન્ય વ્યક્તિ સાથે ગાળાગાળી **(296B)**, મારપીટ (૧૨૧) અને ધમકી (૩૫૧) આપી હોય, પોલીસે યુવતી સામે ભારતીય ન્યાય સંહિતા **(BNS)** હેઠળ ત્રણ અને મોટર વ્હિકલ એક્ટ મુજબ એક કલમ લગાડી છે.

કલમ **296(B)** (જાહેરમાં અશ્લીલ શબ્દો બોલવા): મહિલાએ શ્યામલ ચાર રસ્તાના બનાવ દરમિયાન પોલીસકર્મીઓને જાહેરમાં ગાળો આપી હતી. કાયદા મુજબ ગાળો આપવી એ 'અશ્લીલ શબ્દો' **(Obscene words)** ના ગુનામાં આવે છે, જે જાહેર શાંતિનો ભંગ કરે છે. આ મુજબ સજામાં ૩ મહિના સુધીની જેલ અથવા દંડ, અથવા બંને થઈ શકે છે.

કલમ ૩૫૧(૧) (ગુનાઈત ધમકી): મહિલાએ પોલીસ સાથે માથાકૂટ કરી દાદાગીરી કરી અને પોલીસકર્મીઓને ધમકાવ્યા હોવાથી આ કલમ હેઠળ ગુનો નોંધાયો છે. આ કલમ ત્યારે લાગે જ્યારે કોઈ વ્યક્તિ સામેની વ્યક્તિને (આ કિસ્સામાં ફરજ પરના પોલીસને) ડરાવવાની કોશિશ કરે. આ ગુનામાં ૨ વર્ષ સુધીની જેલ અથવા દંડ, અથવા બંને થઈ શકે છે.

કલમ ૧૨૧ (સ્વેચ્છાએ ઈજા પહોંચાડવી) : આ કલમ શારીરિક હુમલા કે ઝપાઝપી માટે છે. જો મહિલા અને પોલીસ વચ્ચેના સંઘર્ષમાં પોલીસકર્મીને કોઈ શારીરિક ઈજા થઈ હોય અથવા ઝપાઝપી દરમિયાન ઈજા પહોંચાડવાનો પ્રયત્ન થયો હોય, તો આ કલમ લાગુ પડે છે. સજાના ભાગરૂપે ૧ વર્ષ સુધીની જેલ અથવા ૧૦,૦૦૦ સુધીનો દંડ, અથવા બંને થઈ શકે છે.

મોટર વ્હિકલ એક્ટ કલમ **194(D)**: આ કલમ સ્પષ્ટ કરે છે કે મહિલા હેલ્મેટ વગર વાહન ચલાવી રહી હતી. શ્યામલ ચાર રસ્તાવાળી ઘટનામાં પણ ટ્રાફિકના નિયમોના ભંગ બદલ આ દંડની જોગવાઈ ઉમેરવામાં આવી છે. મોટર વ્હિકલ એક્ટ મુજબ સજામાં જો ચાલક હેલ્મેટ વગર પકડાય, તો તેને ૧૦૦૦નો દંડ થઈ શકે છે અને ૩ મહિના માટે લાયસન્સ રદ થઈ શકે છે.

૧૯ ડિસેમ્બરે માત્ર પાલડી જ નહીં, પરંતુ ૧૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદના શ્યામલ ચાર રસ્તા પાસે પણ આ જ મહિલાએ પોલીસ સાથે કરેલા વર્તનના ફૂટેજ પોલીસે રજૂ કર્યા છે. જેમા દેખાય છે કે જ્યારે ટ્રાફિક પોલીસે સફેદ કલરના એક્ટિવા પર જઈ રહેલી યુવતીને રોકી, ત્યારે ઉગ્ર બોલાચાલી થઈ હતી. યુવતી પોલીસ પર પૈસા લેવાના પાયાવિહોણા આક્ષેપો કરતી સ્પષ્ટ દેખાય છે. પોલીસકર્મીઓ અત્યંત સંયમ જાળવી રહ્યા હોવા છતાં યુવતી દ્વારા બિભત્સ ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. જે મામલે યુવતી સામે મહિલા પોલીસ કોન્સ્ટેબલ શ્રધ્ધાબેને ફરિયાદ દાખલ કરાવી છે. જેમાં ઉપરોક્ત ચાર કલમો હેઠળ યુવતી સામે કાર્યવાહીની તૈયારી કરવામાં આવી છે.

### લોકોએ રેસ્ક્યૂ કર્યો, યુવકનો ચમત્કારિક બચાવ

# અકસ્માત બાદ યુવક હવામાં ઉછળી બ્રિજના વીજ પોલ ઉપર લટક્યો

### નંદેસરી બ્રિજ પર મોપેડસવાર યુવકને અજાણ્યા વાહનની ટક્કર વાગતા ઉછળીને સીધો બ્રિજની દીવાલ પર પડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા,

વડોદરામાં ચોંકાવનારી અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં વડોદરામાં નંદેસરી બ્રિજ પર મોપેડસવાર ૨૦ વર્ષીય યુવકને અજાણ્યા વાહનની ટક્કર વાગતા ઉછળીને સીધો બ્રિજની દીવાલ પર પડ્યો હતો. આ દુર્ઘટનામાં યુવકનો શર્ટ બ્રિજ પરના વીજપોલમાં ફસાઈ જતાં તે ટીંગાયો હતો. આ પછી રોડ પરથી પસાર થતાં વાહચાલકોએ યુવકને પકડીને ઉપર ખેંચી લેતા યુવકનો બચાવ થયો હતો. મળતી માહિતી મુજબ, વડોદરાના નંદેસરી બ્રિજ પર અકસ્માતની ઘટનામાં યુવકનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. આણંદના અડાસ ગામનો રહેવાસી સિદ્ધરાજસિંહ મહિડા વડોદરા નીકળ્યો હતો. જ્યારે સિદ્ધરાજસિંહ મોપેડથી નંદેસરી બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અજાણ્યા વાહનની ટક્કરે મારી હતી. જેમાં સિદ્ધરાજસિંહ ઉછળીને બ્રિજના વીજપોલમાં તેનો શર્ટ ફસાયો હતો. ઘટનાને પગલે અન્ય વાહનચાલકોએ તેને બચાવી લીધો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.સમગ્ર ઘટનાને પગલે યુવકને સામાન્ય ઈજા પહોંચતા સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતના બનાવને લઈને નંદેસરી પોલીસ તપાસ શરૂ કરી છે. જોકે, સમગ્ર બનાવ મામલે યુવકનો પરિવાર પોલીસ ફરિયાદ કરવા માંગતો ન હોવાનું સામે આવ્યું છે.

# પ્રેમાનંદ મહારાજની પદયાત્રાના સમયમાં કરાયો મોટો ફેરફાર

### સામાન્ય રીતે પ્રેમાનંદ મહારાજની યાત્રા દરરોજ સવારે ૨ વાગ્યે નીકળતી હતી, હવે પદયાત્રાના સમયમાં ફેરફાર: હવે પદયાત્રા સાંજે ૫ વાગ્યે નીકળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વૃંદાવન

પ્રેમાનંદ મહારાજની પદયાત્રાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એટલે હવે પદયાત્રા સવારે ૨ વાગ્યાની જગ્યાએ સાંજે ૫ વાગ્યે નીકળશે. જણાવી દઈએ કે, મહારાજના દર્શન કરવા માટે પદયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. પ્રેમાનંદ મહારાજની યાત્રા શ્રી કૃષ્ણ શરણમથી શરૂ થઈને શ્રી રાધા કેલીકુંજ આશ્રમ સુધી પહોંચે છે. આ સમય દરમિયાન રસ્તા પર ભવ્ય માહોલ જોવા મળે છે.

સામાન્ય રીતે પ્રેમાનંદ મહારાજની યાત્રા દરરોજ સવારે ૨ વાગ્યે નીકળતી હતી. પરંતુ ગત શનિવાર (૨૦ ડિસેમ્બર)થી પદયાત્રાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે સાંજે ૫ વાગ્યે શ્રી કૃષ્ણ શરણમથી મહારાજના અનુયાયી બાઈક અને ગાડી લઈને યાત્રા માટે નીકળશે છે. પદયાત્રા દરમિયાન પ્રેમાનંદ મહારાજ કેટલાક અનુયાયી સાથે ચાલીને જાય છે. આ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો પહેલાંથી ત્યાં હાજર થઈ જાય છે. જેમાં રાત્રિના સમયથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં માર્ગ પર હાજર રહેતા તેમને કેટલીક મુશ્કેલી પડતી હતી. આમ શિયાળામાં ઠંડીના કારણે ભક્તોને મુશ્કેલી ન પડે એટલાં માટે પ્રેમાનંદ મહારાજની પદયાત્રાના સમયમાં ફેરફાર કરાયો હોવાનું સામે આવ્યું છે. જ્યારે મહારાજની તબિયતને ધ્યાનમાં રાખીને પણ પદયાત્રાના સમયમાં ફેરફાર કરાયો હોવાનું જાણવા મળ્યું છે. પહેલા ભક્તોને રાત્રે ૧૦ થી ૧૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ઊભા રહેવું પડતું હતું, પરંતુ હવે તેઓ સાંજે મહારાજના દર્શન કરી શકશે. પદયાત્રાના સમયમાં ફેરફાર થયા બાદ, ભક્તોની સંખ્યા બમણી થઈ ગઈ છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, પદયાત્રાના સમયમાં ફેરફાર કરવાથી પોલીસની મુશ્કેલી વધી ગઈ છે. જેમાં રૂટ મેનેજમેન્ટ કરવાની સ્થિતિ ઊભી થાય છે. અમે આશ્રમ જઈએ છીએ. જો દરરોજ સાંજે ૫ વાગ્યાથી પદયાત્રા યોજાશે તો તેને લઈને રૂટમેપ બનાવવો પડશે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે NAREDCO-ગુજરાત દ્વારા આયોજિત પ્રોપર્ટી ફેસ્ટની મુલાકાત લીધી

## નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા આયોજિત પ્રોપર્ટી ફેસ્ટમાં અમદાવાદ-ગાંધીનગરના ૪૦થી વધુ રિયલ એસ્ટેટ ગ્રૂપ જોડાયા





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ઓગણજ ખાતે નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ, ગુજરાત (NAREDCO) દ્વારા આયોજિત પ્રોપર્ટી ફેસ્ટની મુલાકાત લીધી હતી. કૉમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ની યજમાની અમદાવાદ-ગુજરાતને મળી છે, ત્યારે આવાં આયોજનો રિયલ એસ્ટેટ ક્ષેત્રે સમાંતર માળખાગત વિકાસનાં નવાં આયામો સર્જશે.

ખાસ કરીને, ગુજરાતમાં ગિફ્ટ સિટી, ધોલેરા SIR અને મેટ્રો રેલ જેવા પ્રોજેક્ટ્સને કારણે રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે.

ત્યારે 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત'ના લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર પણ મહત્ત્વનું સાબિત થશે.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ પ્રોપર્ટી ફેસ્ટમાં વિવિધ રિયલ એસ્ટેટ ગ્રૂપના સ્ટોલ્સની મુલાકાત લઈ, આધુનિક બાંધકામ અને શહેરી વિકાસના પ્રોજેક્ટ્સની ઝીણવટભરી માહિતી પણ મેળવી હતી. NAREDCO ગુજરાત દ્વારા આયોજિત આ ત્રિ-દિવસીય પ્રોપર્ટી ફેસ્ટનો તા.૧૯થી પ્રારંભ થયો છે અને ૪૧ જેટલા રિયલ એસ્ટેટ ગ્રૂપ દ્વારા સ્ટોલ રાખવામાં આવ્યા છે.

આ ત્રણ દિવસ દરમિયાન રોકાણકારો, ઘર ખરીદનારાઓ અને પ્રોપર્ટીમાં રસ ધરાવનારા અનેક લોકોએ આ ફેસ્ટની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે NAREDCO ગુજરાતના ચેરમેન સુરેશ પટેલ, પ્રેસિડેન્ટ યોગેશ ભાવસાર, સેક્રેટરી દીપક પટેલ સહિતના હોદ્દેદારો તેમજ રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો અને મુલાકાતીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વ ધ્યાન દિવસની મહાત્મા મંદિરમાં ઉત્સાહપૂર્ણ ઉજવણી

# યોગ અને ધ્યાનની પ્રાચીન પરંપરાને સ્વસ્થ-સંતુલિત સમાજ નિર્માણ માટેનું જનઆંદોલન બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું આહવાન

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ અને ટ્રેનર્સનો પ્રથમ દિક્ષાંત સમારોહ સંપન્ન - મુખ્યમંત્રીશ્રીએ પ્રમાણપત્રો એનાયત કર્યા





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે યોગ સાધના અને ધ્યાનની પ્રાચીન પરંપરાને સ્વસ્થ અને સંતુલિત સમાજ નિર્માણ માટેનું જનઆંદોલન બનાવવાનું આહવાન કર્યું છે

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત@૨૦૪૭ના લક્ષ્યને મનની શાંતિ અને સ્વસ્થ-નિરોગી જીવનશૈલી સાથે ધ્યાન યોગથી જ સમાજ અને રાષ્ટ્ર નિર્માણ દ્વારા સાકાર કરી શકાશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોચ અને યોગ ટ્રેનરના પ્રથમ દીક્ષાંત સમારોહ અને વિશ્વ ધ્યાન દિવસની ઉજવણીના અધ્યક્ષ સ્થાનેથી મુખ્યમંત્રીશ્રી સંબોધન કરી રહ્યા હતા

તેમણે યોગ ટ્રેનર્સને અભિનંદન પાઠવતાં કહ્યું કે, યોગ એ શારીરિક તાકાત વધારે છે અને ધ્યાન મનની એકાગ્રતા વધારે છે. યોગ કરવા માટેની શક્તિનો સંચય ધ્યાન દ્વારા પ્રાપ્ત થતી મજબૂત નિર્ણય શક્તિથી જ થાય છે. મુખ્યમંત્રીશ્રીએ ધ્યાનને ભારતની પ્રાચીન પરંપરામાંથી ઉપજી આવેલું વરદાન ગણાવતા ઉમેર્યું કે, આજના ઝડપી અને તણાવભર્યા સમયમાં માનસિક શાંતિ માટે તે એટલું જ પ્રાસંગિક છે. ભારત વિશ્વને આધ્યાત્મિક માર્ગદર્શન આપનારો દેશ છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગને જે વૈશ્વિક સ્વીકૃતિ અપાવી તેના પરિણામે ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે તેનું ગૌરવ પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ યોગને સ્વાસ્થ્ય રક્ષાનો પરંપરાગત સરળ ભાગ કહીને નિયમિત યોગ, પ્રાણાયામ, ધ્યાનથી રોગો-બીમારીથી મુક્ત રહેવાનો ઉપાય બતાવ્યો છે.

યોગથી આયુષ્યમાન ભારત એવી સ્વાસ્થ્ય સુવિધા છે કે, યોગથી સ્વાસ્થ્ય રક્ષા છતાં પણ જો કોઈને ગંભીર બીમારી આવે તો તેના ઈલાજ માટે આયુષ્માન ભારત યોજના વડાપ્રધાનશ્રીએ આપી છે તેની પણ તેમણે ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજના સ્પર્ધાત્મક યુગમાં યોગ અને ધ્યાન એ એકાગ્રતા, નિર્ણયશક્તિ અને આંતરિક શાંતિ વધારવા માટે કોઈ ખર્ચ કે આડઅસર વગર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તેવો સ્પષ્ટ મત પણ આ તકે વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ સમારોહમાં યોગ ટ્રેનર્સને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી શિશપાલજી રાજપુતે યોગ બોર્ડની પ્રવૃત્તિઓ, તેની પ્રાસંગિકતા અને યોગ દ્વારા સ્વસ્થ રાજ્યથી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં યોગ ટ્રેનર્સની ભૂમિકાની વિસ્તૃત જાણકારી આપી સૌનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાંબેન પટેલ, ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ, હિમાલયન સમર્પણ મેડિટેશનના ગુજરાત પ્રાંત પદાધિકારીઓ અને યોગ ટ્રેનર્સ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### આ મામલે પોલીસે હાલ એકની ધરપકડ કરી

# બહેનને ભગાડી જનાર યુવકના સબંધીનું પાંચ ભાઈઓએ કર્યું અપહરણ

## પ્રેમ-પ્રકરણને લઈને પિયુષ ભીમભાઈ ચિરોડીયા સહિત પાંચ શખ્સોએ સુરેશભાઈનું અપહરણ અને મારપીટ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

શહેરમાં પ્રેમ-પ્રકરણ બાબતે યુવતીને ભગાડી જનાર યુવકના સબંધીનું યુવતીના પરિવારજનો દ્વારા અપહરણ અને મારપીટની ચોંકાવનારી ઘટના સામે આવી છે, જે મામલે અપહરણકર્તાઓના ચંગૂલમાંથી છૂટ્યા બાદ પીડિત યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી છે, ત્યારે સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચતા પોલીસે આ મામલે હાલ પાંચ શખ્સો સામે ગુનો નોંધી એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે અન્ય ચારની શોધખોળ શરૂ કરી છે.

ઘટનાની મળતી વિગતો મુજબ, ગત ૧૭ ડિસેમ્બરે જામનગરના ખીજડીયા બાયપાસ પાસેથી સુરેશભાઈને પાંચેક જેટલા શખ્સો મળ્યા હતા. ધાકધમકી આપી કહ્યું હતું કે, 'તમારા સબંધી જસાભાઈ અમારી બહેનને ભગાડી ગયા છે, જેથી અમને તેમનું ઘર બતાવ.' જે બાદ સુરેશભાઈ આ પાંચેય શખ્સોને જસાભાઈનું ઘર બતાવવા માટે લઈ ગયા હતા, ત્યારે જસાભાઈનું યોગ્ય ઠેકાણું મળતા આ પાંચેય શખ્સોએ સુરેશભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી અપહરણ કરીને ગંભીર રીતે માર માર્યો હતો અને બાદમાં ધમકીઓ આપી મુક્ત કરી દીધા હતા.

બાદમાં ભોગ બનનાર સુરેશભાઈએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા જામનગર ગ્રામ્ય ડ્ઢઅજીઁ રાજેન્દ્ર દેવધાના માર્ગદર્શન હેઠળ પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે આ ઘટનામાં સામેલ પિયુષ ભીમભાઈ ચિરોડીયા, નંદિપ ભૂપાભાઈ ચિરોડીયા, મુકેશ નરશી ચિરોડીયા, જયેશ રામભાઈ ચિરોડીયા, રાજુભાઈ ચિરોડીયા એમ પાંચ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે, જે પૈકી એક આરોપી નંદિપ ભૂપાભાઈ ચિરોડીયાની ધરપકડ પણ કરી લીધી છે. ઘટના અંગે પોલીસે આપેલી માહિતી અનુસાર, સુરેશભાઈના અપહરણ કેસમાં મુખ્ય આરોપી પિયુષ ભીમભાઈ ચિરોડીયા છે, જેઓની બહેનને જસાભાઈ નામનો શખ્સ ભગાડી ગયો હોવાનો આક્ષેપ છે. આ અદાવત રાખીને પિયુષ અને તેના સાગરીતોએ જસાભાઈના સંબંધી સુરેશભાઈ જસાભાઈ ટોલતાને નિશાન બનાવ્યા હતા. જામનગર પંથકમાં ધોળા દિવસે થયેલા આ અપહરણના કિસ્સાએ કાયદો અને વ્યવસ્થા સામે સવાલો ઉભા કર્યા છે, ત્યારે આ મામલે હાલ પોલીસ દ્વારા પકડાયેલા આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે. જ્યારે ફરાર અન્ય ચાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે, જેથી આગામી સમયમાં આ અંગે વધુ લોકોની ધરપકડ બાદ નવા ખુલાસા થઈ શકે છે.

### લોકોએ વર્સાવ્યો ફિટકાર, પોલીસે કરી અટકાયત

# રાજકોટમાં ૮૦ વર્ષના ઢગાએ બાળકી સાથે કર્યા શારીરિક અડપલા

## પશુ કરતાં પણ હલકી હરકત માણસે કરી હોય તેવો એક વીડિયો રાજકોટમાં વાયરલ થતા ભારે ફિટકાર વરસી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

પશુ કરતાં પણ હલકી હરકત માણસે કરી હોય તેવો એક વીડિયો રાજકોટમાં વાયરલ થતા ભારે ફિટકાર વરસી રહ્યો છે. આ ઘટનાએ સમાજને ઝંઝોડીને રાખી દીધો છે. વાયરલ વીડિયોમાં એક વૃદ્ધ વ્યક્તિ પોતાની પૌત્રીની ઉંમરની માસુમ બાળકીની છેડતી કરતો નજરે પડે છે. વીડિયોમાં આ વૃદ્ધ બાળકી સાથે અયોગ્ય શારીરિક અડપલાં કરતો દેખાય છે, જેને લઈને લોકોમાં ભારે રોષ ફેલાયો છે. વાયરલ થયેલા વીડિયોના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો કે આ વીડિયો ચારથી પાંચ દિવસ પહેલાનો છે અને રાજકોટના માલવિયાનગર વિસ્તારનો છે. પોલીસે વીડિયોના પુરાવા આધારે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધીને કાર્યવાહી કરી છે અને ૮૨ વર્ષના આ વૃદ્ધની અટકાયત કરવામાં આવી છે. આવી વિકૃત હરકતો સામે આવતાં સ્વભાવિક રીતે જ દરેક માતા-પિતાને પોતાની નાની દીકરીની સલામતી અંગે ગંભીર ચિંતા થવી સહજ છે. આ ઘટના સમાજમાં બાળકોની સુરક્ષા માટે વધુ સચેત રહેવાની જરૂરિયાત તરફ ઈશારો કરે છે. તો બીજી તરફ ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. સેક્ટર-૨૪ના ઈન્દિરાનગર વિસ્તારમાં ૫ વર્ષની માસૂમ બાળકી પર આચરવામાં આવેલા દુષ્કર્મ કેસના આરોપીએ પોલીસ જાપ્તામાંથી ભાગવાનો પ્રયાસ કરતા ગાંધીનગર પોલીસે સ્વબચાવમાં ફાયરિંગ કર્યું છે. બહાદુર મહિલા પીઆઈ દ્વારા ચલાવવામાં આવેલી ગોળી આરોપીના પગમાં વાગતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે. પાટનગરમાં ચકચાર જગાવનાર બાળકી પરના અત્યાચાર કેસમાં પોલીસે કડક કાર્યવાહી કરી છે. ૫ દિવસ પહેલા ઈન્દિરાનગર છાપરા વિસ્તારમાં બનેલી શરમજનક ઘટનાના આરોપી રામસિંગ ઉર્ફે રામ ગુલાટી યાદવને શનિવારે સવારે સેક્ટર-૨૫ માંથી પોલીસે ઝડપી લીધો હતો. ધરપકડ બાદ પોલીસ કાફલો આરોપીને લઈને ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન અને પુરાવા એકત્ર કરવા માટે ગયો હતો. આ દરમિયાન આરોપીએ પોલીસને થાપ આપીને ભાગવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. આરોપી જાપ્તામાંથી ભાગી રહ્યો હતો ત્યારે સ્થળ પર હાજર સેક્ટર-૨૧ ના મહિલા પીઆઈ લતા દેસાઈએ ત્વરિત નિર્ણય લીધો હતો. તેમણે પોતાની સર્વિસ રિવોલ્વરમાંથી ઉપરાછાપરી ત્રણ રાઉન્ડ પોલીસ ફાયરિંગ કર્યું હતું. જેમાંથી એક ગોળી આરોપીના પગમાં વાગી હતી અને તે ત્યાં જ ઢળી પડ્યો હતો. ઘાયલ આરોપીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

# રાજકોટમાં ફરી વેપારીઓ અને ફેરિયાઓ આવ્યા આમને-સામને

## રોડ પર ફેરિયાઓ ધંધો કરતા હોવાને કારણે ટ્રાફિકમાં અવરજવરને કારણે વેપારીઓમાં નારાજગી ફેલાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં લાખાજીરાજ રોડ પર ફરી વેપારીઓ અને ફેરિયાઓનો આમનો-સામનો થયો છે. રોડ પર ફેરિયાઓ ધંધો કરતા હોવાને કારણે વેપારીઓમાં નારાજગી ફેલાઈ છે. સરળ રીતે કહીએ તો, રોડ પર ફેરિયાઓ ધંધો કરતા હોવાને કારણે ટ્રાફિકમાં અવરજવરને કારણે વેપારીઓમાં નારાજગી ફેલાઈ છે અને વેપારમાં વિક્ષેપ ઉભો થઈ રહ્યો છે.

વેપારીઓએ રોડના બન્ને તરફથી માર્ગ બંધ કરીને વિરોધ નોંધાવ્યો છે અને એલાન કર્યું છે કે, મંગળવારે બપોરના ૧ વાગ્યા સુધી લાખાજીરાજ રોડ બંધ રહેશે.વેપારીઓ ફરી મનપા કમિશનર અને પોલીસ કમિશનરને આવેદન આપશે તેમજ સમગ્ર વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવવાની માગ રાખી છે. વેપારીઓના આક્ષેપ મુજબ ફેરિયાઓને કારણે લોકોમાં હાલાકી પેદા થઈ રહી છે. દિવાળી પહેલા પણ વેપારીઓ દ્વારા ફેરિયાઓનો વિરોધ કરવામાં આવ્યો હતો અને અગાઉ ધારાસભ્યોની મધ્યસ્થીથી આ મામલો થાળે પાડવામાં આવ્યો હતો.

# હવામાન વિભાગની આગાહીઃ ૪૮ કલાક બાદ ગુજરાત પર ત્રાટકશે હાડ થીજવતી ઠંડી

## ૧૦ ડિગ્રી સાથે દાહોદ અને ડાંગ સૌથી ઠંડુગાર : અન્ય શહેરોનો પણ પારો ગગડ્યો : રાજ્યમાં ઠંડીનો ચમકારો



(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

હાલ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓના સામાન્ય તાપમાનમાં ૨ થી ૭ ડિગ્રીનો વધારો થયો છે. અમદાવાદના તાપમાનમાં ૨ ડિગ્રીનો વધારો થતા ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો કચ્છના નલિયામાં ૧૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. વડોદરામાં ૧૪.૪ ડિગ્રી, જ્યારે સુરતમાં ૧૯. ૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજકોટમાં એક જ દિવસમાં ૬ ડિગ્રી, જયારે ભુજમાં ૭ તાપમાન ઊંચું નોંધાયું છે. રાજકોટમાં ૧૬.૨ ડિગ્રી અને ભુજમાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું કે, આગામી ૭ દિવસ વાતાવરણ સૂકું રહેશે. ઉતરપૂર્વ પૂર્વના પવન ફૂંકાશે. આગામી ૪૮ કલાક તાપમાન યથાવત રહેશે. પરંતું ૪૮ કલાક બાદ ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટશે. આજે સૌથી ઠંડુ શહેર અમરેલી રહ્યું. અમરેલીનું લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું. અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. હવામાન નિષ્ણાતોની નવી આગાહી કહે છે કે, ઉત્તરીય પ્રદેશોમાં પશ્ચિમ ન આવવાના કારણે ઠંડી પડી રહી નથી. પરંતું આવું લાંબો સમય નહિ રહે. કારણ કે, ગુજરાતમાં ફરીથી હાડ થીજવતી ઠંડી પડી રહી છે. તારીખ ૨૨, ૨૩, ૨૪ ડિસમેબરમાં આકરી ઠંડી પડવાની શક્યતા રહેશે. આ તારીખોમાં રવિ પાક માટે ઠડી સારી રહેશે તેવું કહી શકાય. અંબાલાલ પટેલે ડિસેમ્બરમાં માવઠાની આગાહી કરાઈ છે. તેમણે કહ્યું કે, ૨૧ ડિસેમ્બરના રોજ રાજ્યના અનેક ભાગોમાં વાદળો આવવાની શક્યતા છે. વાદળો અવાના કારણે રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી છાંટા પડી શકે છે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં તારીખ ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ માધ્યમ કક્ષાના પશ્ચિમી વિક્ષેપ આવશે, જેના કારણે રાજ્યમાં ઠંડીનો ચમકારો દેખાશે. જાન્યુઆરી માસમાં પશ્ચિમી વિક્ષેપ આવવાના કારણે વધુ ઠંડી અનુભવાશે. રાતનું તાપમાન ઠડું રહેશે. નવી આગાહી કહે છે કે, જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં પશ્ચિમી વિક્ષેપ આવતા રહેશે.

ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ગાજવીજ સાથે વરસાદ આવવાની શક્યતા રહેશે. કેટલીક જગ્યા કરા પડવાની શક્યતાઓ રહેશે. ફેબ્રુઆરી માર્ચ એપ્રિલમાં ગુજરાતના કેટલાક ભાગોમાં કરા પડવાની શક્યતા રહેશે.

# હર્ષ સંઘવીએ મિત્રો અને કાર્યકર્તાઓ સાથે મળીને માણી સુરતી પોંકની મજા

## નાયબ મુખ્યમંત્રીના વિધાનસભામાં પોંક પાર્ટીનું આયોજન કરાયું હતું, જેમાં તેઓ વાનગીની લિજ્જત માણતા જોવા મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના મજુરા વિધાનસભામાં આયોજિત પોંક પાર્ટીમાં અનોખો માહોલ જોવા મળ્યો હતો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જૂના મિત્રો સાથે પોંકની લિજ્જત માણી હતી. શિયાળાની ગુલાબી ઠંડીમાં સુરતના પ્રખ્યાત પોંકનો સ્વાદ માણવા માટે આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુરતની મુલાકાતે પહોંચ્યા હતા. મજુરા વિધાનસભાના કાર્યકર્તાઓ દ્વારા આયોજિત ખાસ પોંક પાર્ટીમાં તેમણે હાજરી આપી હતી. જ્યાં રાજકીય માહોલ વચ્ચે મૈત્રીપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું. હર્ષ સંઘવીના આગમન સમયે કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. નાયબ મુખ્યમંત્રીનું સ્વાગત ઢોલ-નગારા અને પુષ્પગુચ્છ સાથે ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. પોતાના લાડીલા નેતાને મળવા અને તેમની સાથે સેલ્ફી લેવા માટે કાર્યકર્તાઓમાં પડાપડી થઈ હતી. પોંકની મજા માણ્યા બાદ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પોંક ખાવાની સાચી મજા મિત્ર વર્તુળમાં જ આવે છે. આજે મારા જૂના મિત્રો અને કાર્યકર્તાઓ સાથે બેસીને ગોષ્ઠી કરતા જૂના દિવસો તાજા થઈ ગયા.

તેમણે વધુમાં સુરતીઓને અને રાજ્યના લોકોને અપીલ કરી હતી કે શિયાળાની આ સિઝનમાં સ્વાસ્થ્યપ્રદ અને સ્વાદિષ્ટ પોંકનો આનંદ જરૂર લેવો જોઈએ.

### સામાજિક સમરસતાનું અનોખું ઉદાહરણ!

# ૧૩૩ પિતા વિહોણી દીકરીઓને મહેશ સવાણીએ આપ્યું નવું જીવન

## સામાજિક સંસ્થા પીપી સવાણી ગ્રૂપ દ્વારા આયોજિત "કોયલડી" નામનો સમૂહ લગ્ન સમારોહ ભવ્ય રીતે યોજાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

પીપી સવાણી ગ્રૂપ દ્વારા આયોજિત કોયલડી સમૂહ લગ્નોત્સવમાં પિતા વિહોણી દીકરીઓને આજે પિતૃત્વનો સહારો મળ્યો.જ્યાં લગ્ન માત્ર વિધિ નહીં પરંતુ એક સંવેદનાની ઉજવણી બની ગયા, અબ્રામા ખાતે પીપી સવાણી ગ્રૂપ દ્વારા ભવ્ય કોયલડી સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું છે.

શનિવાર અને રવિવાર એમ બે દિવસ ચાલનારા આ સમૂહ લગ્નોત્સવમાં કુલ ૧૩૩ યુગલો પ્રભુતામાં પગલા માંડશે.

જ્યાં સમાજ દીકરીના હાથ પીળા કરવા માટે એકસાથે ઉભો થાય, જ્યાં પિતૃત્વ માત્ર સંબંધ નહીં પરંતુ સંવેદના બને એવા સુરત ના અબ્રામા ખાતે પી.પી.સવાણી ગ્રુપ દ્વારા કોયલી સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવ્યું હતું. આજે પ્રથમ દિવસે ૫૫ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા. આ સમૂહ લગ્નોત્સવની સૌથી વિશેષ વાત એ છે કે અહીં હિન્દૂ અને મુસ્લિમ ધર્મની પિતા વિહોણી દીકરીઓના લગ્નનું આયોજન કરાયું છે. જ્યાં પીપી સવાણી ગ્રૂપે પિતાની ભૂમિકા નિભાવી. લગ્નોત્સવમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ હાજરી આપી દીકરીઓને આશીર્વાદ આપ્યા, હર્ષ સંઘવી સ્વદેશી રોબર્ટ ની કળા નિહાળી, સ્વદેશી રોબર્ટ સાથે હાથ મિલાવ્યો, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ પ્રસંગોચિત સંબોધન કરી દીકરીઓને આશીર્વાદ આપ્યા હતા. સમૂહલગ્ન પ્રસંગે સાથે જ પૂર્વ મંત્રી મુકેશ પટેલ, મેયર દક્ષેશ માવાણી, વિવિધ ધારાસભ્યો અને સામાજિક અગ્રણીઓ પણ આ પુણ્ય કાર્યના સહભાગી બન્યા.

ખ્યાતનામ સાધુ-સંતોએ પણ નવદંપતીઓને આશીર્વાદ આપીને સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક અને ભાવુક બનાવી દીધું. લગ્ન બાદ દીકરીઓએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, અમને આજે પિતાનું ઘર મળ્યું હોય એવી અનુભૂતિ થઈ રહી છે.

### ગુજરાત ATS-કચ્છ પોલીસની કાર્યવાહી

# રાપરમાંથી રોહિત ગોદારા ગેંગનો શાર્પ શૂટર અને સ્થાનિક મદદગાર ઝડપાયો

## હરિયાણામાં ધોળે દિવસે હત્યાની ઘટનાને અંજામ આપી નાસતા ફરતા શૂટરને કચ્છના રાપરમાંથી દબોચી લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

ગુજરાત ATSને કચ્છ પોલીસના સંયુક્ત ઓપરેશનમાં એક મોટી સફળતા મળી છે. હરિયાણામાં ધોળે દિવસે હત્યાની ઘટનાને અંજામ આપી નાસતા ફરતા કુખ્યાત રોહિત ગોદારા-નવીન બોક્સર ગેંગના શૂટરને કચ્છના રાપરમાંથી દબોચી લેવામાં આવ્યો છે. આ શૂટરની સાથે તેને આશ્રય આપનાર તેના સાગરીતની પણ ધરપકડ કરવામાં આવી છે.

આ સમગ્ર ઓપરેશનની કડી ગુજરાત ATSને મળેલી એક સચોટ બાતમીથી મળી હતી. બાતમી એવી હતી કે, હરિયાણાનો વોન્ટેડ ગુનેગાર વિકાસ ઉર્ફે ગોલુ જસબિરસિંધ શ્યોરાણ હાલમાં કચ્છના રાપરમાં છુપાયેલો છે. આ માહિતીની ખરાઈ કર્યા બાદ, કચ્છ પોલીસ સાથે સંકલન સાધીને રાપરના નાગેશ્વર પાર્ક વિસ્તારમાં આવેલા એક આર.ઓ. પ્લાન્ટ પાસેના મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે અહીંથી વિકાસ ઉર્ફે ગોલુ અને તેને આશરો આપનાર દિક્રેશ ઉર્ફે કાલીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પૂછપરછ દરમિયાન આરોપી વિકાસે કબૂલાત કરી હતી કે, ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ તેણે હરિયાણાના ભિવાની કોર્ટ પરિસરમાં અજય અને રોહિત નામના સાગરીતો સાથે મળીને લવજીત (રોહતક) નામના શખસની ગોળી મારી હત્યા કરી હતી. વધુમાં તેણે જણાવ્યું કે, આ હત્યા માટે ઉપયોગમાં લેવાયેલી પિસ્તોલ કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારાએ મોકલી આપી હતી. હત્યા બાદ ફરાર થયેલો વિકાસ નવેમ્બર મહિનામાં રાપર ખાતે દિક્રેશ ઉર્ફે કાલી પાસે રહેવા આવ્યો હતો. દિક્રેશ પોતે હરિયાણાના કેથલનો રહેવાસી છે અને નવીન બોક્સરના કહેવાથી તેણે આ શૂટરને છુપાવવામાં મદદ કરી હતી.